॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

નવેમ્બર ૨૦૧૩ રૂા. ૫/૦૦



દીવાળી તથા નવા વર્ષના અભિનંદન સાથે જયશ્રી સ્વામિનારાયણ.

સંવત ૨૦૭૦ નું નવું વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિમાં વૃધ્ધિ કરનારું તેમજ શ્રીજી મહારાજની આજ્ઞા અને ઉપાસનામાં દ્રઢતા લાવનારું થાય. નૂતન વર્ષ આપને સ્વાસ્થ્યસભર આરોગ્ય, કુટુંબમાં પારસ્પરિક આત્મીયતા સાથે સંપ વધારનારું નીવડે, આરંભેલા સત્કાર્યો નિર્વિઘ્ને સંપન્ન થાય, કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા આદિ અંતઃશત્રુઓનું બળ ઘટે અને સત્સંગનું બળ વધે, સત્સંગમાં દાસાનુદાસના ભાવ સાથે સત્સંગને સમર્પિત થવાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના..

પુરાણી ધર્મનંદન દાસજીના

સપ્રેમ જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી





અંજાર નૂતન મંદિરનું કુંભીરોપણ કરતા પ.પૂ. મહંતસ્વામી તથા યજમાન પ.ભ. દેવરાજભાઈ કરસન વરસાણી પરિવાર, તેમજ અંજાર નૂતન મંદિરનું કારવિંગ કામ નિહાળતા પ.પૂ. મહંત સ્વામી



ભુજ મંદિરમાં અન્નકૂટની સેવામાં સંતો તથા હરિભક્તો



શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - ભુજ, સરસ્વતી સન્માન કાર્યક્રમનું દીપપ્રાગટ્ય કરતા પૂ. મહંત સ્વામી તથા ટ્રસ્ટી સાથે કેળવણી મંડળના પ્રમુખ પ.ભ. ભરતભાઈ મહેતા તેમજ વિદ્યાર્થીઓને ઈનામ અર્પણ કરતા પૂ. મહંત સ્વામી તથા સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક





### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૧૧ - નવેમ્બર – ૨૦૧૩
સળંગ અંક - ૩૩૫

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

આતંક અર્થાત ભય. જ્યારે કોઈ આતંક ફેલાવીને પોતાનો કક્કો ખરો કરવાના પ્રયાસ કરે ત્યારે એક વાત સ્પષ્ટ થાય છે કે તેમની વિચારસરણીમાંથી માનવતા મરી પરવારી છે. આતંકવાદ આજે વિશ્વની સળગતી સમસ્યા છે. વિશ્વની મહાસત્તાઓ પણ આતંકવાદના આ ભોરીંગને નાથવામાં અસમર્થ રહી છે, જે મોટી કમનસીબી છે.

તાજેતરમાં કેન્યાના શોપીંગ મોલમાં આતંકવાદીઓએ અંધાધૂધ ગોળીબાર કરીને કાળો કેર વર્તાવેલ અને અનેક નિર્દોષ લોકોની હત્યા કરેલ. કેન્યાના જે વિસ્તારમાં આ શોપીંગ મોલ આવેલો છે તે વિસ્તારમાં આપણા કચ્છી પટેલ હરિભક્તો સારી એવી સંખ્યામાં વસવાટ કરે છે. આતંકવાદની આ અગ્નિની લપેટમાં આપણી એક માસુમ દીકરી પણ ભરખાઈ ગઈ અને કેન્યા ઉપરાંત કચ્છમાં પણ ગમગીની છવાઈ ગઈ ! (શ્રી સ્વામિનારાયણ ભગવાન અ.નિવાસી આત્માને શાંતિ આપે !)

જ્યારે હૃદયમાં સદ્‌ભાવની ઓટ આવે, વિચારોમાં આસુરી વૃત્તિ ઉમેરાય અને વ્યવહારમાંથી સહકાર, સન્માનસમર્પણ અને સત્કાર્યનો લોપ થાય છે. ત્યારે અસહકાર, અપમાન, અપેક્ષાઓ, અદેખાઈ અને અજંપો મનનો કબજો લઈ લે છે. સકારાત્મક સોચનું સ્થાન નકારાત્મક વિચારસરણી લઈ લે છે.જ્યારે આ બાબત ચરમસીમાએ પહોંચે છે ત્યારે માનવ પરમતત્ત્વને ભૂલી જાય છે અને હિંસક બની જાય છે. વિશ્વના કોઈ પણ ધર્મમાં હિંસાને સમર્થન નથી સાંપડ્યું તેમ છતાં કેટલાક લોકો ધર્મની આડમાં હિંસાનો સહારો લઈ અનાચાર, અત્યાચાર અને આતંક ફેલાવી રહ્યા છે. શું આ માનવતા છે ? શું આ માનવધર્મ છે ? આતંકના ઓથાર નીચે જીવવું એ શું જીવન છે ? આપના અંતરાત્માને પૂછો.

માત્ર જીવતા રહેવું એ જીવન નથી. જીવન જીવતાં શીખશું તો જીવન સફળ થશે. જીવન સાફલ્ય માટે સત્સંગ અને સદ્‌ગુરુ અનિવાર્ય છે. ધર્મ, ભક્તિ અને સદ્‌વિચારોની પ્રાપ્તિ સત્સંગ દ્વારા થાય છે અને સુસંસ્કાર, સદાચાર, સૌમ્યતા અને સત્કાર્યો કરવાની પ્રેરણા સદ્‌ગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે. જીવન ધર્મપારાયણ હોય, હૃદયમાં શ્રીજી મહારાજ પ્રતિ અખૂટ શ્રધ્ધા સાથેનો ભક્તિભાવ હોય, બુધ્ધિમાં સદ્‌વિચારોનું પ્રાધાન્ય હોય ઉપરાંત સાચા સંતને શરણે જઈ સંસ્કાર, સદાચાર અને સૌમ્યતા સાથેનો સમર્પિત ભાવ કેળવ્યો હશે એવા મનુષ્યનું જીવન સફળ થઈ થશે. તેમના સત્કાર્યોની સુવાસ અને પ્રેમનો પમરાટ તેમની ચિર વિદાય પછી પણ વિશ્વને સુગંધીત કરતો રહેશે.

દીપાવલિના પ્રકાશ પર્વે અને નૂતન વર્ષના પ્રારંભ પ્રસંગે આપણે પણ નવજીવનની પ્રાપ્તિ અર્થે સદ્‌ગુરુ સંતના ચરણવંદન સાથે સર્વાવતારી પરમકૃપાળુ પરમાત્મા ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવને હૃદયપૂર્વક પ્રાર્થીએ કે

"અસત્યો માંહેથી પરમ સત્યે તું લઈ જા.<br>ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા."

જય શ્રી સ્વામિનારાયણ !

# નવા વર્ષે પ.પૂ. મહંત સ્વામીના શુભાશીર્વાદ

વ્હાલા સૌ સત્સંગી હરિભક્તોને પ્રકાશ પર્વે દિવાળી તથા નૂતન વર્ષના ઘણા ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ !

સંવત ૨૦૭૦નું નવું વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહ ભક્તિમાં વૃધ્ધિ કરનારું તેમજ શ્રીજી મહારાજની આજ્ઞા અને ઉપાસનામાં દઢતા લાવનારું થાય. નૂતન વર્ષ આપને સ્વાસ્થ્યસભર આરોગ્યપ્રદ, કુટુંબમાં પારસ્પરિક આત્મીયતા સાથે સંપ અને સુલેહ વધારનારું નીવડે, આરંભેલા સત્કાર્યો નિર્વિઘ્ને સંપન્ન થાય તેમજ આધ્યાત્મિક વૃધ્ધિ સાથે સમાજમાં પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય. સુખ, શાંતિ અને સમૃધ્ધિ સાથે હર્ષોલ્લાસ વ્યાપી રહે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા આદિ અતિ મોટા અંતઃશત્રુઓનું બળ ઘટે અને સત્સંગમાં દાસાનુદાસના ભાવ સાથે સત્સંગને સમર્પિત થાઓ. શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠા પરિપક્વ થાય એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

બીજું ભક્તો ! આ વર્ષથી ભુજ મંદિર દ્વારા દેશ-વિદેશના ૨ વર્ષના બાળકોથી લઈ ૧૩ વર્ષ સુધીના બાળકો માટે સત્સંગ અભ્યાક્રમ (સિલેબસ) ચાલું કર્યું છે જેનું દર વર્ષે નવું પ્રકાશન થશે. આ વર્ષે પાંચ થી છ વર્ષના બાળક માટે ચાલું કરેલ છે. તેનો આપણા મંદિરોમાં અથવા જ્યાં મંદિરો ન હોય ત્યાં એક સ્થળ નક્કી કરીને આ સત્સંગ અભ્યાસક્રમ વધુને વધુ બાળકો, બાલિકાઓ લાભ લે તેવા પ્રયત્નો કરજો. નાનપણના સંસ્કારો બાળકોને આધ્યાત્મિક અને સામાજિક રીતે મજબૂત બનાવે છે.


મંદિરના કાર્યકર્તાઓને અમારી ભલામણ છે કે અત્યારના સમયની માંગ પ્રમાણે દર રવિવારે અથવા અઠવાડિયામાં એક વાર મંદિરમાં બાળકોને ભણાવવાની વ્યવસ્થા ગોઠવશો.

બીજું, પ.પૂ.અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ભારતમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને વિદેશમાં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળની સ્થાપના કરવામાં આવી હતી તેને આ વર્ષે દસ વર્ષ પૂર્ણ થાય છે, તે નિમિત્તે ભુજ મધ્યે 'દશાબ્દી શિબિર-૨૦૧૩'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ આ શિબિરમાં અવશ્ય પધારશો. આ શિબિરમાં દેશ-વિદેશથી પધારેલા નિષ્ઠાવાન યુવાનોને મળવાનો અને બ્રહ્મનિષ્ઠ કર્મનિષ્ઠ સંતોના દર્શનનો અને કથા-વાર્તાનો અલભ્ય લાભ મળશે.

ફરીથી સર્વે ભક્તોને દીપાવલિ તથા નવા વર્ષના શુભઆશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ !



લી. મહંત સ.ગુ.
પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૨૫

વેદાન્તાચાર્ય

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



બીજું વરદાન : હે મૃત્યુદેવ ! સ્વર્ગલોકને પ્રાપ્ત કરવા માટે મને યજ્ઞનો વિધિ-વિધાનનું જ્ઞાન આપો જેનાથી દેવપદની પ્રાપ્તિ થાય.

યમદેવ કહે છે - વત્સ ! તે સ્વર્ગપદના જ્ઞાનનો ઉપદેશ આ પ્રમાણે છે. એમ રહીને યમરાજે નચિકેતાને યજ્ઞવેદી નિર્માણથી લઈને યજ્ઞ વિધિ,મંત્રાદિ બધાનો ઉપદેશ આપ્યો અને પછી પરીક્ષાના ઉદ્દેશની બધુ તેને બોલવાનું કહ્યું ત્યારે નચિકેતાએ જેવું સાંભળ્યું તેવું જ બધું જ કહી સંભળાવ્યું. તે સાંભળીને યમરાજ પ્રસન્ન થઈને કહ્યું હું તને આશીર્વાદ આપું છું કે જે અગ્નિવિદ્યાનો મેં તને ઉપદેશ આપ્યો છે તમારું જે નામ 'નચિકેતા અગ્નિ' ના નામથી પ્રસિદ્ધ થશે. આ નચિકેતા અગ્નિનો ત્રણ વાર સ્તવન કરનાર માતા-પિતા અને ગુરુ આ ત્રણેથી જ્ઞાન પ્રાપ્ત કરીને મૃત્યુના બંધન થી મુક્ત થઈ જશે. બ્રહ્મથી ઉત્પન્ન આ પ્રશંસનીય જ્ઞાનનો સાક્ષાત્કાર કરનાર મનુષ્ય પરમ શક્તિ પ્રાપ્ત કરશે. જે નચિકેતા અગ્નિની ત્રણ વાર ઉપાસના કરશે અને તેને જાણશે, યજ્ઞ કરશે તે મૃત્યુ અને શોકના બંધનથી મુક્ત થઈને પરમપદને પ્રાપ્ત કરશે.

ત્રીજુ વરદાન - હે મૃત્યુદેવ ! 'મૃત્યુ પછી આત્મા આ શરીરને છોડીને બીજું શરીર ધારણ કરે છે' આવું કેટલાક માને છે અને કેટલાક નથી માનતા અને કેટલાક આત્માનો મોક્ષ થાય છે એવું માને છે. તેમાં સાચું શું છે તે વિદ્યાનો મને ઉપદેશ ત્રીજા વરદાન રૂપે આપો. આ સાંભળીને યમરાજે કહ્યું આ વરદાનની જગ્યાએ બીજું વરદાન માગ. ઘણી લાલચ પણ આપી. પરન્તુ નચિકેતાએ આજ વરદાન આપવાનું કહ્યું. યમરાજાએ ફરી ફરી ઘણીરીતે લાલચ બતાવીને પરીક્ષા લીધી છતાં પણ નચિકેતાએ એક ના બે ન થયા અને માગેલું વરદાન જ આપવાનું કહેતા રહ્યા.

નચિકેતાનો નિશ્ચય જોઈને યમરાજાએ કહે છે - ધનના



લોભમાં ડૂબેલો મૂર્ખ વ્યક્તિને પ્રમાદને કારણે બ્રહ્મપદની પ્રાપ્તિનો માર્ગ સારો નથી લાગતો. આ લોક સિવાય બીજો લોક નથી એવું માનનાર મૂર્ખ વ્યક્તિ વારંવાર આ લોકમાં જુદી જુદી યોનિઓમાં જન્મ લે છે.

પરમાત્માની ઉપાસથી આત્મા મોક્ષ મેળવે છે. એવા પરમાત્મા અને આત્મા વિષે લોકોએ સાંભળ્યું નથી. ઘણા લોકો સાંભળ્યું છે તો તેને વિશે બિલકુલ જ્ઞાન નથી. આવા આત્મા-પરમાત્મા વિષે બોલનાર અતિ વિરલા હોય છે અને તેને ઓળખીને પ્રાપ્ત કરનાર પણ અતિ વિરલા હોય છે. પરમાત્માના વિષયમાં ઘણીવાર ચિંતન કરવાથી પણ સરલાથી તેને સમજી શકાતા નથી. તેને તર્ક-વિતર્કથી નથી જાણી શકાતા. પરન્તુ જેમને આત્મા- પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે એવા આચાર્યની કૃપાથી જ પરમાત્માનો અનુભવ કરી શકાય છે. પરમાત્મા દરેક જીવપ્રાણીમાત્રમાં વિરાજમાન છે. તે જીવનાં બધાં કર્મોને જુવે છે. જે વ્યક્તિ પુણ્યકર્મ કરે છે તે પરમાત્માને જુવે છે અને તેનો અનુભવ પણ કરે છે. જે વ્યક્તિ પાપ કર્મથી યુક્ત છે તે પરમાત્માનો અનુભવ કરી શકતો નથી જે વ્યક્તિ દુશ્ચરિત્ર છે. અસંયમી અને અસ્થિર છે તે બુદ્ધિ દ્વારા પરમાત્માને જાણી શકતો નથી અને તેને જોઈ પણ શકતો નથી. જે પુણ્યાત્મા મહાન વિભુ પરમાત્માને જાણી લે છે તે ક્યારેય દુઃખી નથી થતો. બ્રાહ્મણ,

ક્ષત્રિય આદિ પ્રાણી જેનું ભોજન થઇ જાય છે અને મૃત્યું જેનું ઉપસેવન (અથાણું) બને છે, તે પરમાત્માને કોણ જાણી શકે છે?

હે નિચિકેતા ! તે વ્યક્તિ જે જીતેન્દ્રિય છે, આત્માજ્ઞાની છે, વિવેકશીલ છે, સ્થિર છે તે જ પરમતત્ત્વને સમજી શકે છે અને તેનો અનુભવ કરી શકે છે.

હે નચિકેતા ! સ્વયં પરમાત્માએ શરીરધારીજીવોના શરીરની ઈન્દ્રિયોનું મુખ (દ્વાર) બહારની તરફ બનાવ્યું છે. તેથી તે બહારની વસ્તુઓને જ ગ્રહણ કરી શકે છે. અંતરાત્માને નથી જોઇ શક્તી. જે બુદ્ધિહિન હોય છે તે બહારી આડમ્બરોમાં જ ફસાઇ જાય છે, પરન્તુ જ્ઞાની તેમાં નથી ફસાતા. ''भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः । भयादिन्द्रिश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥ તે પરમાત્માના ભય થી અગ્નિ તથા સૂર્ય તપે છે એના જ ભયથી ઈન્દ્ર વાયુ તેમજ પાંચમો મૃત્યુ પોત પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે. સર્વત્ર એક જ પરમાત્મા વ્યાપ્ત છે. આવું પરમાત્મા સબંધીજ્ઞાન જે પ્રાપ્ત કરી છે તે મોક્ષ પ્રાપ્ત કરી લે છે અને જે આવું નથી જણતો તે જન્મ-મરણના ચક્રમાં ફસાતો જાય છે.

''ऊ र्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः । तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ॥ तस्मिल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन ॥ एतद्वै तत् ॥ ''

હે નચિકેતા ! ઉપરની બાજુ મૂળવાળું નીચેની બાજુ શાખા વાળું આ પ્રત્યક્ષ દેખાતું અનાદિ સંસારરૂપી પીપળાનું વૃક્ષ છે તેનાથી વિલક્ષણ પરમાત્મા એ જ વિશુદ્ધ તત્વ છે, તેજ બ્રહ્મ છે, તેજ અમૃત કહેવાય છે. બધા લોકો તેમાં જ આશ્રિત છે કોઇ પણ તેને ઓળંગી શકતું નથી એજ તે પરબ્રહ્મ છે. આવા પરમાત્માને જાણનાર જ્ઞાની પુરુષ નિઃશોક થઇને જન્મ-મૃત્યુના ચક્રથી છૂટીને મોક્ષ પ્રાપ્ત કરી લે છે. આવું સાભળીને નચિકેતાએ વિચાર કર્યો કે 'આવા પરબ્રહ્મને હું કેવી રીતે પ્રત્યક્ષ અનુભવ કરું?' તેને કેવીરીતે દેખું? નચિકેતાનો આવો ભાવ સમજીને યમરાજ કહે છે હે નચિકેતા! ''भ न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः । तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं बिभाति ॥ ત્યાં સૂર્ય પ્રકાશિત થતો નથી. ચન્દ્રમા અને તારાઓનો સમૂહ પણ પ્રકાશિત થતો નથી આ વિજળીઓ પણ પ્રકાશિત થતી નથી તો પછી આ લૌકિક અગ્નિ કઇ રીતે કેવીરીતે પ્રકાશિત થાય ? કેમકે તે પરબ્રહ્મના પ્રકાશ થવાથીજ (પછી) સૂર્ય વગેરે આ સમગ્ર જગત તેના જ પ્રકાશથી આ જગત પ્રકાશિત થાય છે. આ પ્રમાણે સર્વશક્તિમાન પરબ્રહ્મને મૃત્યુ પહેલાં ઓળખી લેવાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. અન્યથા મનુષ્ય જન્મ-મરણના ચક્રમાં જ ભટક્યા કરે છે.

આશ્ચર્યની વાત એ છે કે ક્ષેત્રાધિપતિ પોતાના ક્ષેત્રમાં મૂકેલા હિરણ્યનિધિને પણ નહિ જાણીને દુઃખને પામે છે માટે સંતાપ કરનારાની ઉપર દયા કરીને સર્વને બોધ આપે છે. ''उत्तिष्ठत जाग्रत प्राप्य वरानिबोधत । क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥'' હે મનુષ્ય ! ઉઠો જાગો (સાવધાન થઇ જાઓ) અને શ્રેષ્ઠ મહાપુરુષોને પામીને તેમની પાસે જઇને (તેમના દ્વારા) તે પરબ્રહ્મ પરમેશ્વરને જાણીને લ્યો (કેમકે) ત્રિકાળને જાણનારાઓ તે તત્વમાર્ગને છરાની તીક્ષણ કરેલી દુસ્તર ધાર જેવો અત્યંત કઠણ કહે છે. આ પ્રમાણે યમરાજનો ઉપદેશ સાંભળ્યા પછી નચિકેતા યમરાજે કહેલી આ વિદ્યા અને સમ્પૂર્ણ યોગવિધિ પ્રાપ્ત કરીને મૃત્યુથી રહિત અને સર્વ પ્રકારના વિકારોથી રહિત થઇને આત્મતત્વરૂપ પરમાત્માને પામી ગયો. બીજા જે કોઇ પણ આજ પ્રમાણે અગ્નિવિદ્યાની ઉપાસનાથી બ્રહ્મને જાણનારો હોય તે સર્વ વિકારથી રહિત તથા મૃત્યુથી રહિત થઇને મોક્ષ પ્રાપ્ત કરે છે.

**ક્રમશઃ**

## તા. ૧૧-૧૧-૨૦૧૩ થી તા. ૩૧-૧૧-૨૦૧૩ સુધીની કથા તથા પ્રસંગો

| | |
|---|---|
| **નારણપર (નીચલોવાલ)** | : તા. ૦૮-૧૧-૨૦૧૩ નિચલોવાસ ભાઈઓના મંદિરનું ખાતમુહૂર્ત. |
| **ભુજ પ્રસાદી મંદિર** | : તા. ૧૮-૧૧-૨૦૧૩ કારતક વદ ૧ થી પાંચ દિવસ કથા કારતક વદ ૫ સુધી. |
| **ભુજ** | : તા. ૧૮-૧૧-૨૦૧૩ કારતક વદ ૧ થી પાંચ દિવસ કથા કારતક વદ ૫ સુધી મંદિર મધ્યે. |
| **માંડવી** | : તા. ૧૩-૧૧-૨૦૧૩ થી તા.૧૭-૧૧-૨૦૧૩ કારતક સુદ-૧૧ થી કારતક સુદ પુના |

# તુલસી વિવાહ

જનકભાઈ એમ. ભટ્ટ



આપણા સંપ્રદાયોના મંદિરોમાં દર વર્ષે તુલસી વિવાહનો મહોત્સવ ખૂબ ભાવપૂર્વક ઉજવવામાં આવે છે. અને તેનો મહિમા અપાર છે.

શ્રીમદ્ સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણમાં શ્રીહરિએ તુલસી વિવાહ મહોત્સવ અંગે નિરૂપણ કરેલ છે કે કાર્તિક માસની સુદ બારસના સાંયકાળે તુલસી વિવાહનો ઉત્સવ ઉજવવો. તુલસી અને શ્રીકૃષ્ણને છેડાછેડી બાંધીને મંગળ શ્લોકોનું ઉચ્ચારણ કરી મંગળ ફેરા ફરાવી સંકલ્પ કરાવી તુલસીનો હાથ શ્રીકૃષ્ણ ભગવાનના હસ્તમાં અર્પણ કરવો. તુલસી વિવાહને દિવસે યથાશક્તિ દાન-દક્ષિણા અર્પણ કરવા. આ ઉત્સવમાં તુલસીના પદો ગવરાવવા.

એક એવી લોકોક્તિ છે કે પાતાળમાં બલિરાજાને ત્યાં ચાર માસ રહ્યા બાદ ભગવાન પાછા આવ્યા અને તુલસી સાથે લગ્નગ્રંથિથી જોડાયા છે. ત્યારે દેવોમાં આનંદ વ્યાપ્યો છે.

અષાઢ સુદ ૧૧ના રોજ દેવપોઢી જાય છે અને કારતક સુદ ૧૧ના રોજ જાગે છે. આથી અષાઢ સુદ ૧૧ને દેવપોઢી એકાદશી અને પ્રબોધિની એકાદશી દેવ દિવાળીને - આ દિવસને દેવઊઠી એકાદશી પણ કહે છે.

તુલસી અને શાલીગ્રામની ઉત્પત્તિ વિશેની કથાઓ પદ્મપુરાણ અને શ્રી શિવપુરાણમાં છે. પૌરાણિક કથા એવી છે કે ઈન્દ્રનો ગર્વ ઉતારવા ભગવાન શંકરે જાલંધરને ઉત્પન્ન કર્યો. જાલંધર મહાપ્રતાપી યોદ્ધો હતો. તેને કોઈ પણ હરાવી શકતું નહિ. જાલંધરની પત્ની વૃન્દા સતી-પ્રતિવ્રતા નારી હતી. તે સ્ત્રીના પ્રભાવથી જાલંધરનો જય સર્વત્ર વૃધ્ધિ પામતો હતો. દેવોને પણ તે ભારે પડી ગયો.

ઈન્દ્ર સહિત દેવો પુરુષોત્તમ નારાયણ પાસે ગયા. વૃન્દાની શક્તિ થકી જાલંધરને કોઈ હરાવી શકે તેમ નથી. તેવી વાત દેવોએ કરી. ભગવાને પોતાની માયાવી શક્તિ વડે વૃન્દાને મહાસતી ધર્મ - પતિવ્રતા ધર્મમાંથી પાળ્યાં. પાછળથી પતિવ્રતા મહાસતી નારી સમજી ગઈ અને તેણે શ્રાપ આપ્યો 'તું પથ્થર થઈને પડીશ'. ભગવાને વૃન્દાને કહ્યું કે 'તારે વનસ્પતિ થવું પડશે.'

ત્યારપાછી વૃન્દાએ ભગવાનને ઓળખ્યા ત્યારે ખૂબજ પસ્તાવો થયો. તે ભગવાનને નમી પડી.

ભગવાને ત્યારે વૃન્દાને કહ્યું કે "હું તને તરછોડીશ નહિ આજથી હું તારા વિના ભોજન નહિ લઉં બીજા જન્મે તને પટરાણી બનાવીશ" ત્યારપછી ભગવાન શાલીગ્રામ રૂપે થયા ને વૃન્દા વનસ્પતિ તુલસી થયાં. એટલા માટે ભગવાનના નૈવેધમાં તુલસીપત્રો હોવા જ જોઈએ નહિ તો ભગવાન નૈવેધ સ્વીકારતા નથી.

અહિં ક્યાંક એવું જોવા મળે કે ભગવાન થાળ આરોગતા હોય ત્યારે થાળમાં અથવા પાણીના કળશીયા અંદર તુલસી પત્ર નાખતા હોય છે. પણ એમ ન કરવું. ભગવાનના ચરણમાં અથવા બાજુએ રાખવાં.

તુલસીને હિન્દુઓ પવિત્ર ગણી પૂજન કરે છે. આ પ્રસંગની યાદમાં તુલસી વિવાહ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ગામેગામ એકાદશીથી માંડી પૂનમ સુધી મોટા ઉત્સવના રૂપમાં ભગવાનના તુલસીબાઈ સાથે લગ્ન થાય છે. વડીલો,યુવાનો, બહેનો, બાળકો ખૂબ ઉત્સાહથી આ ઉત્સવમાં જોડાઈ નંદસંતોએ બનાવેલ તુલસીવિવાહ, પુરુષોત્તમ વિવાહ, લક્ષ્મી વિવાહ, સેરુખો વગેરે કીર્તનો ગાય છે. અને આનંદની હેલી વર્ષે છે.

પતિવ્રતા સ્ત્રીની શક્તિ પતિને પણ શક્તિમાન બનાવે છે. તેનું રક્ષણ કરી શકે છે. વૃન્દા જેવા પતિવ્રતા નારી તરીકે ગૌરવ લઈ શકીએ. એવો પતિવ્રતા ધર્મ પાળી તુલસી જેવા પવિત્ર બનવાની શક્તિ શ્રી નરનારાયણદેવ દરેક નારીને આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેઠી ગંગારામ મલ્લનું આગવું સ્થાન

અહેવાલ : જેઠી ચંદ્રકાંતભાઈ પી.

પરમકૃપાળુ પરમાત્મા શ્રી કૃષ્ણભગવાન પાસેથી, પરમ ભાગવત્ ધર્મને પ્રાપ્ત કરનાર વૈષ્ણવ સંપ્રદાયના શ્રી ઉધ્ધવજીએ પ્રવર્તાવેલ અને ભગવાન શ્રી સ્વામિનારાયણે વૃધ્ધિ પમાડેલા સંપ્રદાયના ગુરુ રામાનંદ સ્વામી અને શ્રીજી મહારાજ જ્યારે જ્યારે આ કચ્છભૂમિમાં પધારતા અને ગામોગામ કથા વાર્તા, કીર્તન અને ધર્મસભા ભરતા ત્યારે તેઓ ભુજ મધ્યે શ્રી સુંદરજી સુથાર અને ગંગારામ મલ્લનું નિવાસસ્થાન ઉતારા તરીકે રહેતું. રામાનંદ સ્વામીના સમયગાળામાં જેઠી મલ્લોની સારી એવી સંખ્યા હતી. જેઠી મલ્લો મૂળ મોઢેરા (ઉ.ગુજરાત)ના અગ્નિહોત્રી મોઢ ચાતુર્વેદી બ્રાહ્મણો હતા અને તત્કાલીન સમય દરમ્યાનના મોઢેરાના સૂર્યમંદિરે પૂજા-અર્ચના, સૂર્યનમસ્કાર, યોગ-આસનો, દંડ, બેઠક, મુગદળો કેરવવા, મલ્લસ્તંભ પર કૌશલ્યતા અને અખાડાઓમાં મલ્લકુસ્તીના દાવો કરતા અને કુળદેવી લિંબજા માતાજીના સ્તવન કરી મલ્લવિદ્યાના વિવિધ પ્રકારની કુસ્તીઓ કરતા આમ બળની ઉપાસના કરી મલ્લો શક્તિનું પ્રદર્શન કરતા હતા. જેની ઈતિહાસના સાક્ષીરૂપે મોઠેરાના સૂર્યમંદિરની કોતરણીમાં આજે પણ જોવા મળે છે.

કચ્છ - ભુજમાં જેઠી ગંગારામ મલ્લનો જન્મ થયો હતો. તેમના પત્નીનું નામ કંચનબેન હતું પણ તેઓને સંતાન ન હતું. ગંગારામ મલ્લ અને જયેષ્ઠી મલ્લો જ્યારે શ્રીજી મહારાજ ભુજ પધારતા ત્યારે તેમની સેવામાં જોડાતા અને પ્રભુ તેઓની સાથે મલ્લના અખાડામાં કુસ્તીઓ કરતા અને રાજી થઈને મલ્લોની પીઠ થાબડતા અને કુસ્તી થયા બાદ જલેબી અને મિષ્ટાન્ન સામે ચાલીને મંગાવે અને વખાણ કરીને મલ્લોના મોઢામાં મુકે આવો તો શ્રીજી મહારાજને ગંગારામ મલ્લ પ્રત્યે આત્મીય પ્રેમ હતો. મલ્લોની શૂરવીતાને લઈને શ્રીજી મહારાજ અત્યંત રાજી થતા અને સત્સંગ સભામાં બોધ આપતા કે, શરીરને મજબૂત બનાવવા માટે ભક્તિની જરૂરત છે. એટલે ભક્તોને શૂરવીર થઈને ભક્તિ કરવા શીખ આપતા. મલ્લોની કુસ્તીથી પ્રભુ રાજીપો વ્યક્ત કરી મલ્લોને પુષ્પના હાર પહેરાવીને રાજી કરતા.

જેઠી ગંગારામ મલ્લના બળ અને શક્તિ વિષે જાણીએ તો તેઓ એવા શક્તિશાળી પહેલવાન હતા કે એકી સાથે આઠ નાળિયેર શારીરિક તાકાતથી તોડી નાખતા. જે પૈકી બે બગલમાં, બે કોણીમાં, બે સાથળમાં, બે ઢીંચણમાં આ રીતે નારિયેળ ગોઠવી એવી ભીંસ દેતા કે આઠે આઠ નારિયેળ એકી સાથે ભુકો થઈ જતો હતો. તેઓનું તાત્કાલિન સમયમાં રાજ દરબારમાં સારું માન અને હોદ્દો ધરાવતા હતા.

શ્રીજી મહારાજ કચ્છ પ્રદેશમાં સંવત ૧૮૬૦ થી ૧૮૬૮ દરમ્યાન વિચરણ કર્યું ત્યારે જેઠી ગંગારામ મલ્લ તેઓની સાથે જ રહેલા અને ભુજ નગરમાં ૧૮૭૯માં વૈશાખ સુદ-૫ના રોજ શ્રી નરનારાયણ દેવની મૂર્તિની પ્રતિષ્ઠા સ્વ હસ્તે કરેલ ત્યારે ભુજ શહેરમાં સર્વત્ર આનંદ ઉત્સવ ઉજવાયેલ અને શ્રીજી મહારાજ હાથીની અંબાડી પર બિરાજેલ અને મોટી અસવારી નિકળેલ હતી અને સમગ્ર કચ્છના લોકોએ લ્હાવો લીધેલ અને મોટું સામૈયું

યોજાયેલ હતું. તે સમયે નરનારાયણદેવના શિખર મંદિરની ધ્વજારોપણનો ૫૦૦ કોરીમાં આંક આપી ગંગારામ મલ્લે શિખર પર ધજા ચડાવવાનો અમૂલ્ય અવસરનો લ્હાવો લીધેલ હતો. અને શ્રીજી મહારાજે નરનારાયણદેવની બન્ને મૂર્તિઓને પોતાના બાથમાં લઈને ભેટ્યા અને સ્થાપન કર્યું હતું.

આશાપુરા રીંગ રોડ ભુજ સોનીવાડ ચાર રસ્તા પર "ગંગારામ સર્કલ"નું નિર્માણ થઈ રહ્યું છે. આવા શ્રીજી મહારાજના પરમ ભક્ત અને વીર પુરુષને લાખ લાખ વંદન કરીએ છીએ.

# સદાચાર ઉલ્લંઘન એટલે પૂર્ણ પતન

- શિક્ષાપત્રી શ્લોક-૯ નો અર્થ

હિંમતભાઈ ઠક્કર (રઘુવંશી)

કુબુદ્ધિવાળા જે મનુષ્યો સચ્છાસ્ત્રોમાં કહેલા અહિંસાદિક સદાચારોનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસાર વર્તન કરે છે તે મનુષ્યો તો આ લોકમાં અને પરલોકમાં મહાદુઃખિયા થાય છે.

શ્રીજી મહારાજનું સ્પષ્ટ કહેવું છે કે, સદાચારનું ઉલ્લંઘન અને સ્વેચ્છાચારી વર્તનનું પરિણામ છે અનિર્વચનીય દુઃખ.

શ્રી મદ્ ભગવદ્ગીતા કહે છે - યઃ શાસ્ત્ર વિધિમૃત્સૃજય વર્તતે કામકારતઃ। ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખંન પરાંગતિમ ॥ સ્વેચ્છાચારી લોકો આ લોકમાં કોઈ સિધ્ધિને સુખ પામતા નથી અને મહાદુઃખિયા થાય છે. અને પરલોકમાં પણ સારી ગતિ પામતા નથી.

શ્રી ભાગવતજીમાં પણ આ વાતની પૂષ્ટિ મળે છે. યદસૌ શાસ્ત્રમુલંઘ્ય, સ્વૈર્યાચાયાઘ્યગર્હિતઃ। અવર્તત ચિરં કાલમધાયુરશુચિર્મલાત્॥

વળી તેમાં જણાવેલ અજામેલ તો કુમાર્ગના અંતિમ ચરણો સુધી પહોંચી ગયેલ પણ અંતકાળે પુત્ર નારાયણને વારંવાર સંભાળતા પરિણામે, સમગ્ર જીવનમાં કરેલા કૂડા અને અધમ કર્મોને પરિણામે, એક બાજુ યમદૂતો તેને પાશનાખી નર્કમાં લઈ જવા હાજર થઈ ગયા તો બીજી બાજુ નારાયણ નામ રટણથી વિષ્ણુ ભગવાનના પાર્ષદો પણ હાજર થઈ જતાં બન્ને વચ્ચે ખેંચાખેચી ચાલી.

આપણે બુદ્ધિજીવી મનુષ્યો અજામેલતો નથી જ તોયે સંસારી હોઈ આ પૌરાણિક કથા આપણું વધુ પતન ન થાય તે માટે સાવધાન કરે છે.

શ્રી હરિના અભિપ્રાય પ્રમાણે પ્રત્યેક માનવ બન્ને હેતુઓ સાથે શિક્ષાપત્રીને ધારણ કરે તો અવશ્ય મહાસુખિયો થાય. તેથી આપણે નિષ્ઠાવાન સત્સંગી હોતાં મર્યાદાઓનો ત્યાગ તો નહીં જ કરીએ. આ બન્ને હેતુઓ સાથે મનનું એકાગ્રતાથી અવધારણ કરી મળેલ અમૂલ્ય માનવ દેહને મોક્ષધામે જ લઈ જવાનું છે. આપણા સૌના ગુડ ગાઈડ તો શ્રીજી મહારાજ છે જ ને. આડબીડ જંગલમાં ગાઈડ રસ્તે ચઢાવેને જો ન ચડ્યા તો ઘનઘોર વન-વગડો રવાડે ચડાવે.... તો યાદ રાખજો -

'કામીતો લંપટ ઠરે;<br>
ક્રોધી સત્યાનાશ કરે;<br>
લોભી ભેળું કરી મરે;<br>
મદાધતા આનંદ હરે;<br>
મોહ તપસ્યા ભંગ કરે;<br>
મત્સર આયખું હરે ;<br>
અનુસરીએ શિક્ષાપત્રી;<br>
તો, પરમધામ મળે..!

શિક્ષાપત્રી પ્રતિપાદિત કરે છે કે કુબુદ્ધિ સદ્શાસ્ત્રોનું ઉલ્લંઘન કરાવે. ગેરમાર્ગે દોરે અને

અવડચંડાઈ કરાવે. કૂડાને ન કરવા જેવાં વર્જ્ય કર્મો કરાવીને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારને કદાવિયો બનાવી મનુષ્ય જીવનને ગંધાવે. શું કરવું એ આપણા હાથમાં છે.

પ્રભુએ માનવને શાસ્ત્રકથન પ્રમાણે પ્રભુમાં જેવી સૃષ્ટિ સર્જનની શક્તિઓ વિધમાન છે તેવીજ માનવની પોતાની આગવી સૃષ્ટિ સર્જન કરી શકવા ની ક્ષમતા બક્ષેલી છે જ. બાળક તો કોરી પાટી છે. તેના પર જે લખશો તે દેખાશે, વંચાશે ને સમજાશે. અક્ષરનો એક અર્થ છે વર્ણ....ક..ખ..ગ..ઘ કે A..B..C..D અને બીજો અતિ દિવ્ય અર્થ છે અવિનાશી. શું લખવું તે તો આપણું મગજ નિર્ણય કરશે ને આંગળીઓ લખશે.

શાસ્ત્રો તો મૂળાક્ષરોથી અવિનાશી સુધીની - અક્ષર યાત્રા કરાવે છે. આવા દિવ્ય મૂળાક્ષરો ઘૂંટાળવાવાળા સદ્‌ગુરુની જ આપણને જરૂર છે, નહીં કે રોટી,કપડાં,મકાનને રળીલાવી, અહંકેન્દ્રી બનાવતા શિક્ષણ કે અક્ષરની.

વળી, શ્રી સ્વામિનારાયણના સત્સંગીઓને તો ખુદ અવતારી શ્રી સહજાનંદ સ્વામી મહારાજ સ્વયંમ એજ શિક્ષાપત્રી રચી અને ભણાવી છે. સત્સંગીઓએ તો માત્ર આધ્યાત્મિક ધોરી માર્ગ પર રટી-પઢી-અનુસરીને પૂર્ણતાજ પ્રાપ્ત કરવાની છે. અને તેવી પૂર્ણતા પ્રાપ્ત કરવાની સમજ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ધીરેધીરે ગ્રહી શ્રીજી મહારાજ સાથે પૂર્ણપણે અનુસંધાનીત થઈ રહેવાનું છે. આવું અનુસંધાન જ આલોક અને પરલોક બન્નેને સફળ અને પરમાનંદી કરનારું મે શ્રી સહજાનંદ સ્વામી મહારાજની હાક સંભળાય તો સાંભળો.

"ચલ ઊઠ જાગની ગહેરી નીંદશે,
ષડરીપુઓંકો સહેલાકે સુલાદે,
અજ્ઞાનકા અંધેરા છંટ જાએગા,
તૂ શ્રીજીકી જ્યોત જલાદે."

તો આલોકની જન્મદાતા માતા અને પરલોકના પરબ્રહ્મપરમાત્મા બન્ને સત્સંગી પર રાજીના રેડ થઈ જાય. કેમકે -

'મા સીખાએ હંસના, ખાના, ખેલના,
શ્રીહરિ સીખાએ પરમાનંદમે ડૂબના'.

# ભાઈ રામદાસ સ્વામીને જે વાત તે દિ નહોતી સમજાણી

લેખક. રસિકભાઈ રા. ગોળવિયા (સુરત વેળાવદર)

નિલકંઠવર્ણીરૂપ સહજાનંદ સ્વામીને પોતાના ઉતારાધિકારી સ્થાપી ધર્મની ધુરા સોપી પછી સ.ગુ. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ જે રામાનંદ સ્વામીના અનન્ય શિષ્યો હતા તેને સ્વામીનો વિરહ ન જણાય તેથી મોટેરા સંતો મુક્તાનંદસ્વામી વિગેરેને ભુજ તરફ મોકલ્યા. પોતે સ્વયં(શ્રી હરિ પોતે) સોરઠ હાલારમાં વિચરણ કરવા લાગ્યા. જે વખતે સત્સંગમાં રહેલ સંત રઘુનાથદાસ વિગ્રહ અને વિરોધ કરવા લાગેલ અમદાવાદ, ભુજપ્રદેશ અને દંઢાવ્ય દેશમાં ભગવાન સ્વામિનારાયણ વિશે ખોટો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા. તેથી ભાઈ રામદાસ સ્વામીએ જેતપુરમાં શ્રીજી મહારાજને પત્ર લખી તાકીદે અમદાવાદ તેડાવેલ. જે પત્ર મળતાં મહારાજ થોડા સમયમાં અમદાવાદ આવે છે તેવો સંદેશો મોકલ્યો અને જેતપુર, ગોંડલ, સરધાર, અગતરાઈ વગેરે ગામોમાં ફરતા મચ્છીયાવ ગામ આવે છે ત્યાંથી પછી અમદાવાદ પધારવાના છે. જે મચ્છીયા

અમદાવાદના ભક્તો સાથે રામદાસ સ્વામી પણ મચ્છીયાવ આવેલા.

જ્યાં (મચ્છીયાવમાં) સદ્‌ગુરુ રામદાસ સ્વામીને દેખીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. તેમને બાથમાં ભીડી રહ્યા અને પછી મસ્તક નમાવી પગે લાગ્યા(વૃધ્ધ મોટાની આગળ શ્રીહરિ બહુ જ વિવેકથી વર્તતા). પછી શ્રીહરિએ પોતાની પાસે હાથ પકડીને વિવેકથી બેસાડ્યા અને ઘણા જ હેતથી સમાચાર પૂછ્યા. અને વાત કરી કે પત્ર મળ્યો હતો અને પત્રનો જવાબ લખ્યો હતો. પછી શું થયું તે સંક્ષેપમાં બતાવો. અને આ બધા સત્સંગીઓ પોતાના નિયમને અને ધર્મને હવે બરાબર પામી શકે છે તેમ કહ્યું. ત્યારે બહુ જ મહારાજ રાજી થયા.

પછી રસોઈ તૈયાર થવાથી વર્ણી શ્રીહરિને બોલાવવામાં આવ્યા. મહારાજે ભાઈ રામદાસજીને સાથે લીધા, બે બાજોઠ ઢળાવ્યા, બે થાળ મંગાવ્યા, એક થાળ ભાઈ રામદાસજીને આપ્યો. ત્યારે ભાઈ રામદાસજી બોલ્યા હે મહારાજ પહેલાં આપ જમો. આપ મને જમીને પ્રસાદી આપો આપણે બહુ દિવસે મળ્યા છીએ માટે જમીને પ્રસાદરૂપ થાળ આપો. ગુરુ રામાનંદ સ્વામી  રોજ પ્રસાદ આપતા હતા. હે હરિ આપની સાથે અત્યારે પ્રસાદલેવાજ હું સાથે આવ્યો છું માટે કૃપા કરી પ્રસાદી આપો. ત્યારે મહારાજ કહે હું બાળક કહેવાઉં આપ વૃધ્ધ અને વડીલ છો. દુનિયામાં આ ઘટિત ન કહેવાય આ રિવાજ અઘટિત કહેવાય.

ત્યારે રામદાસ સ્વામી ઘણા હેતથી બોલ્યા ગુરુ રામાનંદ સ્વામી પણ આપનો પ્રસાદ ચાહતા હતા હું જાણું છું તેમ તેમણે મને ઘણીવાર કહ્યું હતું. વારેવારે કહ્યું હતું પણ તે સમયે તે વાત મને સમજાઈ ન હતી. જે રામાનંદ સ્વામીની વાત મને આજ સમજાઈ છે. સ્વામીથી અનેક ઘણો વધારે ઐશ્વર્ય અને પ્રતાપ છે. આજે પ્રત્યક્ષ દેખું છું. પછી અત્યંત રાજી થઈ મહારાજે જમીને રામદાસ સ્વામીને પ્રસાદી આપી. તેનાથી વિચક્ષણ એવા રામદાસ સ્વામી ઘણાં ખુશી થયા. અને ઘણાજ ઉલ્લાસથી તે પ્રસાદી જમ્યા. અને ઘણાજ સમયનું મહારાજના વિયોગનું દુઃખ ટળી ગયું. ભાઈ રામદાસ સ્વામી મહારાજથી ઘણાં મોટા અને વડીલ અને વિચક્ષણ મહાપુરુષ હતા જે ઉધ્ધવસંપ્રદાયના રામાનંદ સ્વામી દીક્ષિત પ્રથમ સંત હતા. એક ખેડૂત (રામદાસનામે સારંગી કાનમ દેશનું ગામ) હળ હાંકતા હતા. રામાનંદ સ્વામી નીકળેલા અને કહ્યું કે રામદાસ હવે ક્યાં સુધી હળ હાંકવું છે તે સાંભળી ત્યાંને ત્યાં બળદની રાશ બળદ ઉપર ફેંકી હળ તેમને તેમ ઉભું મુકી કોઈને કંઈ પણ ભલામણ કે સમાચાર પણ ઘેર પહોચાડવાની ચિંતા કર્યા વગર રામાનંદ સ્વામી સાથે ચાલી નીકળેલ. આવા મહામુમુક્ષ શૂરવીર સંત મહારાજને અમુક પ્રસંગે ઠપકો પણ આપતા (સત્સંગમાં ખોટું દેખાય કે અહિંત થતું હોય ત્યાં મહારાજને વઢીને કહેતા) મહારાજ કાંઈ સમૈયા ઉત્સવનું  આયોજન કરવું હોય ત્યારે ભાઈ રામદાસજીને પૂછીને જ કરતા. સલાહ સૂચના અવશ્ય લેતા આવા રામદાસજી સ્વામીને જે વાત રામાનંદ સ્વામી વખતે અને ત્યાર પછી ૧.૫ વર્ષ સુધી નહોતી સમજાણી તે વાત જે હું (રામાનંદ સ્વામી) ડુગડુંગીયા વગાડનારો છું. ખરાખેલના ભજવનારા નટવર,નટખટ તો હવે આવશે તે આવી ગયા તે એજ છે. એ સર્વેઅવતારના અવતારી અક્ષરધામના અધિપતિ ધામના ધામી આ એજ છે તે વાત આજે મચ્છીયાવમાં રામદાસ સ્વામીને સમજાણી.



## આયુર્વેદિક સરળ ઉપચાર

- મહેન્દ્ર બી. દવે
મો. ૯૮૭૯૬૩૧૨૭૬

# નિદ્રા - ઊંઘની મહત્તા

'આહાર, નિદ્રા અને બ્રહ્મચર્ય શરીરના ત્રણ ઉપસ્તંભ છે. અર્થાત્ એમના આધારે શરીર સ્થિત છે.'
(ચરક સંહિતા, સૂત્રસ્થાનમ્ : ૧૧।૩૫)

ઉપરના યુક્તિપૂર્વક સેવનથી શરીર સ્થિર થઈને બળ, વર્ણથી સંપન્ન અને પુષ્ટ થાય છે. નિદ્રાની મહત્તાનું વર્ણન કરતા ચરકાચાર્યજી કહે છે. જ્યારે મન થાકતાં તથા ઈન્દ્રિયો પણ થાકવાને લીધે તેના આરામ માટે મનુષ્ય સૂઈ જાય છે. આથી આપણને વધુ આરામ મળે છે. આથી પુન:બળની પ્રાપ્તિ થાય છે. આથી આહારના મહત્ત્વ જેટલું જ નિદ્રાનું પણ છે. સુખપૂર્વકની નિદ્રાથી શરીરને પુષ્ટિ મળે છે. સાથે જ્ઞાનેન્દ્રિયો પણ સારી રીતે કામ કરે છે.

નિદ્રા યોગ્ય સમયે લેવી. કસમયે અથવા વધારે સૂવાથી અથવા બિલકુલ ત્યાગ કરી દેવાથી આરેગ્ય અને આયુષ્ય પર અસર પડે છે. દિવસની ઊંઘ તબિયત માટે હાનિકારક છે. જે વ્યક્તિ વધુ અધ્યયન, વધુશ્રમ, રાત્રિ જાગરણ બાળક, વૃદ્ધ, દુર્બળ વ્યક્તિ અથવા મુસાફરીથી થાકેલ હોય તેવા દિવસે ઊંઘી શકે.ઉનાળામાં રાત ટૂંકી હોવાને લીધે અને શરીરમાં વાયુ સંચય થતો હોવાથી થોડો આરામ કરાય. ઘી અને દૂધનું ભરપુર સેવન કરનાર, સ્થૂળ, કફ પ્રકૃતિવાળા કોઈ પણ ઋતુમાં દિવસે સૂવું ન જોઈએ. દિવસે સૂવાથી જઠરાગ્નિ મંદ થાય છે. આથી બરાબર અન્ન પાચન ન થવાથી શરીરમાં ભાર, શરીર તૂટવું, જીવ ગભરાવો, માથાનો દુ:ખાવો હૃદયમાં ભાર, તથા ત્વચા રોગના લક્ષણો જણાય છે. અને તમોગુણ વધવાથી સ્મરણ શક્તિ ઘટે છે.

અતિનિદ્રા દૂર કરવાના ઉપાયોમાં ઉપવાસ, પ્રાણાયામ, વ્યાયામ કરવાથી તથા લસણ, કાંદા, મૂળા, અડદ વાસી અને તળેલા પદાર્થોનો ત્યાગ કરવાથી અનિનિદ્રા દૂર થાય છે.

અતિનિદ્રાની જેમ ઘણાને અનિદ્રા સતાવતી હોય છે. વાત-પિત્તનો પ્રકોપ, ચિંતાને લીધે ઊંઘ બરાબર નથી આવતી આથી શરીરને મસળી નાખ્યું હોય તેવી પીળા, શરીર અને માથું ભારે થઈ જવું, ચક્કર, બગાસા, અજીર્ણ જેવા વાયુ સંબંધી લક્ષણો ઉત્પન્ન થાય છે. આથી અનિદ્રા દૂર કરવા માટે માથામાં તેલની માલીશ, પગના તળિયે ઘીની માલિશ, કાનમાં નિયમિત તેલ, ઘી દૂધ, દહીં, ભાતનું સેવન તેમ જ રાતે સૂતી વખતે નાકના બંને નસકોરામાં શુધ્ધ ગાયના ઘીના એક-એક ટીપાં પાડવા. આથી ઊંઘ આવે છે.

- રાત્રિ જાગરણથી વાતની વૃધ્ધિ થવાથી શરીર સક્ષ થાય છે.
- દિવસે સૂવાથી કફની વૃધ્ધિ થઈ શરીરમાં સ્નિગ્ધતા વધે છે પરંતુ બેઠાં-બેઠાં થોડાં ઝોકા ખાઈ લેવાથી શરીરને આરામ મળે છે.
- સૂતી વખતે પૂર્વ અથવા દક્ષિણ તરફ માથું રાખીને સૂવું જોઈએ.
- હાથ-પગ કે પંજાની આંટી વાળીને, માથાની પાછળ કે ઉપર હાથ રાખીને અને ઊંધા ન સુવું જોઈએ.
- સૂર્યાસ્ત પછી બે થી અઢી કલાક પછી સૂઈ જવું અને સૂર્યોદયથી બે થી અઢી કલાક પહેલાં નિત્ય નિયમ ચેષ્ટાના પદો તેમજ ઈષ્ટ મંત્રોની પાંચ માળા કરતા-કરતા સૂવાથી ઊંઘ પણ ઉપાસના થઈ જાય છે.

(હવે પછી- આરોગ્ય અને આહાર)

# નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષે નવ સંકલ્પ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરો. જૂના રાગ-દ્વેષ ભૂલી અદેખાઈની ઊંડી ખાઈને કાયમ માટે પૂરી દો. સત્કર્મ સાથે સત્કાર્યો પરિપૂર્ણ કરવા નવા જોમ, જુસ્સા અને ઉલ્લાસથી ઉમંગભેર જીવનને સાચી દિશામાં ગતિશીલ બનાવો. આદરેલાં અધૂરાં કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થાય. કૌટુંબિક પ્રેમ અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. કીર્તિ અને સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય. જીવનમાંથી નિરાશા અને નિષ્કાળજી દૂર થાય. ઉત્સાહ, આત્મીયતા, પ્રેમ, ભક્તિ, નિઃસ્વાર્થભાવે અને પરસ્પર ભાઈચારાનો નવો સંચાર થાય. જીવન જીવવાના પથપ્રદર્શિત કરતા શિક્ષાપત્રી, વચનામૃત આદિ સત્શાસ્ત્રોના જ્ઞાન દીપક પ્રગટે અને જીવન પથમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે શ્રધ્ધા અને દાસત્વભાવ સાથેના સંપૂર્ણ સમર્પણભાવનો પ્રકાશ પથરાય. સદાય સુખિયા, સ્વસ્થ, સમૃધ્ધ, આરોગ્યપ્રદ અને પ્રગતિશીલ રહો. ભક્તિમાં દઢતા આવે અને પ્રભુમય જીવન વ્યતીત થાય એવી શ્રીજી મહારાજના ચરણોમાં મંગલમય પ્રાર્થના સાથે નવા વર્ષ નિમિત્તે રૂડા આશીર્વાદ સાથે જય શ્રી સ્વામિનારાયણ !



- તંત્રી મંડળ

જય શ્રી સ્વામિનારાયણ

## ભુજ મંદિરના મહંત સ્વામીનું નમ્ર નિવેદન

અમદાવાદ તથા વડતાલ દેશના સમગ્ર સંતો તથા દેશ-વિદેશમાં વસતા હરિભક્તો જોગ......

આપની પાસે શ્રીજી મહારાજના પ્રત્યક્ષ સંબંધમાં ઉપયોગમાં આવેલ મૂળ વસ્તુમાં વાસણ, વસ્ત્ર, વાજિંત્ર, પ્રત, પુસ્તક-કાગળ વગેરે જે આપણી પાસે હોય તે ભુજ મંદિરને અર્પણ કરશો તો તેને અમો આપના સંભારણા સાથે પ્રસાદીની વસ્તુ સ્વરૂપે સ્વીકારી ભુજ મંદિરમાં નિર્માણ પામતા નૂતન અક્ષરભુવનમાં વ્યવસ્થિત સાંચવણી પૂર્વક, સર્વે સંતો તથા ભક્તોને સુગમતાથી દર્શનનો લાભ થાય તેવી રીતે પધરાવીશું.

પ.પૂ. મહંત સ્વામીના જયશ્રી સ્વામિનારાયણ

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## આસો સુદ ૧૧ના શ્રી નરનારાયણદેવ આદિ દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- નાનબાઈ જયંતીલાલ હિરાણી સહપરિવાર - માધાપર હ. દેવજીભાઈ પૂજારી
- જાદવજીભાઈ શિવજી વાઘજીયાણી - સુખપર હ. વિનોદભાઈ લાલજી ભુવા
- નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા
- સુરેશભાઈ માવજી મેપાણી - બળદીયા ની.વાસ
- મંજુલાબેન સુરેશ મેપાણી - બળદીયા ની.વાસ
- હિરેનભાઈ મેઘજીભાઈ ભુવા - કેરાવાળા
- રણછોડભાઈ ડી. રાણા - વડોદરા હાલે ભુજ
- ગોપાલભાઈ ગોવિંદ વરસાણી - ભક્તિનગર
- રામજીભાઈ રવજીભાઈ કેરાઈ - રામપર ની.વાસ હ. રાજેશ રામજીભાઈ કેરાઈ
- પ્રિયાબેન રાજેશ કેરાઈ - રામપર ની.વાસ
- કેસરાભાઈ મૂળજી કાબરીયા - ગોડપર
- વેલજીભાઈ હરજી ભંડેરી ધ.પ. અમરબાઈ, સુત દેવરાજ ધ.પ. રામબાઈ, સુત કાનજી ધ.પ. રતનબાઈ - રામપર
- લાલજીભાઈ વિશ્રામ વેકરીયા - નારાણપર
- નીલેશભાઈ શંભુલાલ સોની - નારાણપર
- હિતેનભાઈ શિવલાલ ઉમરાણીયા - ભુજ
- રામજીભાઈ રવજીભાઈ કેરાઈ - મેઘપર ની.વાસ હ. રાજેશ તથા પ્રિયા
- માવજીભાઈ દેવજી વેકરીયા - માંડવી
- દિપકભાઈ રામજી રાબડીયા - વાડાસર
- પરબતભાઈ જાદવા વરસાણી - ભુજ
- સામબાઈ માવજી વેકરીયા - મીરજાપર
- પ્રેમીલાબેન ધનસુખ કેરાઈ - સુખપર
- સામજીભાઈ કાનજી દબાસીયા - ભક્તિનગર
- મયંકભાઈ રાજેશ જેસાણી - બળદીયા હ. હિરજી રામજી જેસાણી
- રમેશભાઈ રવજી ભુવા - સુખપર
- માવજીભાઈ શામજી જોધાણી - માનકુવા
- હરેશભાઈ મેઘજી રાબડીયા - વાડાસર હાલે નૈરોબી હ. માવજી ભગત
- પ્રકાશભાઈ હિરજી વેકરીયા - સુખપર હ. હિરજીભાઈ શીવજી વેકરીયા
- રમેશભાઈ પ્રેમજી વેકરીયા - માંડવી
- ગોપાલભાઈ લક્ષ્મણ હિરાણી - બળદીયા
- રીટાબેન બીપીનભાઈ વ્યાસ - ભુજ હ. બીપીનભાઈ વ્યાસ
- અવનિશભાઈ વિપુલ સોનીના જન્મદિવસે હ. વિપુલભાઈ શિવલાલ - અંજાર

- જશુબાઈ નારણ વેકરીયા - નારાણપર ની.વાસ
- કાંતિભાઈ રવજી સેંઘાણી ધ.પ. કાંતાબેન, સુત કૌશિક - નારાણપર ની.વાસ
- કાંતાબેન રામજી રાઘવાણી - બળદીયા ની.વાસ હ. યોગેશ રામજી રાઘવાણી
- સાં.યો. વિજ્યાબાઈ ગણેશભાઈ - આધોઈ
- અ.નિ. લાલજીભાઈ કેરાઈ ધ.પ. રતનબેન, પુત્ર ધીરજ અને રમેશ હ. પરબતભાઈ
- દિનેશભાઈ વેલજી રાબડીયા, પ્રવીણ વેલજી - સુખપર
- મનજીભાઈ હરજી પિંડોરીયા - મીરજાપર
- ગ્રીયાબેન મનોજ રાઘવાણી - બળદીયા
- પ્રેમજીભાઈ હરજી હાલાઈ ધ.પ. ભચીબાઈ - સુખપર
- પ્રેમજીભાઈ હરજી હાલાઈ ધ.પ. ભચીબાઈ - સુખપર
- વેલજીભાઈ હરજીભાઈ ભંડેરી ધ.પ. અમરબાઈ, સુત દેવરાજ ધ.પ. રામબાઈ, સુત કાનજી ધ.પ. રતનબાઈ - રામપર
- વેલજીભાઈ હરજીભાઈ ભંડેરી ધ.પ. અમરબાઈ, સુત દેવરાજ ધ.પ. રામબાઈ, સુત કાનજી ધ.પ. રતનબાઈ - રામપર
- પ્રેમજીભાઈ હરજી હાલાઈ ધ.પ. ભચીબાઈ - સુખપર

## ભાગવત પંચાહ્ન પારાયણ

ભુજશ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના આશીર્વાદથી તા. ૨૪-૯-૧૩ થી તા. ૨૮-૯-૨૦૧૩ સુધી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું.

ગામ મિરજાપર અ.નિ. ધનબાઈ સામજી પીંડોરીઆના મોક્ષાર્થે તેમના પરિવાર તરફથી મનજી સામજી, લક્ષ્મણ સામજી, વાલજી સામજી તરફથી ભુજ મંદિરમાં ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ.

આ કથાના વક્તા પદે સ્વામી સુખદેવસ્વરૂપદાસજી તથા સ્વામી સુકમુનિદાસજીએ પોતાની સુંદર સાદી ભાષામાં શ્રીમદ્ ભાગવતની કથાના સુંદર આખ્યાનો તથા શ્રીકૃષ્ણની લીલા ચરિત્રોની કથાનું રસપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે શ્રોતાઓને રાજી કર્યા હતા. દરરોજ હરિભક્તાએ બહોળી સંખ્યામાં કથાનો લાભ લીધેલ

સમાપ્તિના દિવસે યજમાન પરિવારને સંતોના આશીર્વાદ સાથે પહેરામણી અપાઈ હતી. ત્યારબાદ ઉત્તર પૂજન કરી પોથી તથા બન્ને વક્તાશ્રીઓનું પૂજન, આરતી, કીર્તન, ધૂન સાથે ભાગવત પારાયણને વિરામ આપવામાં આવેલ.

## અક્ષરવાસ

ગામ કુંદનપુરના અને હાલે બોલ્ટન નિવાસી શ્રીહરિના પરમભક્ત શ્રી ખીમજી રામજી કેરાઈ ઉ.વર્ષ ૮૫. તા. ૭-૧૦-૧૩ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પોતાના ચરણોમાં રાખી પરમ શાંતિ આપે તેવી અભ્યર્થના.

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નૈરોબીના ૫૯મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરમાં કથાનું આયોજન

ભુજશ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નૈરોબી ૫૯મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરમાં તા. ૧૨-૧૦-૧૩ થી તા. ૧૮-૧૦-૧૩ સુધી દિવસ સાતનું કથાનું આયોજન કરવામાં આવેલ.

આ કથામાં કચ્છમાં રહેતા યજમાનના જુદા જુદા ગામના સગા સબંધીઓ દરરોજ આરતી ઉતારવાનું લાભ લેતા હતા. નૈરોબીથી સગાં સબંધીઓને જાણ કરવામાં આવેલ તે મુજબ બળદીઆ, માધાપર, સુરજપર, દહીંસરા,ગોડપર, મિરજાપર વગેરે ગામોમાંથી કુટુંબ સાથે ભાઈઓ અને બહેનો દરરોજ કથાનું લાભ લેતા હતાં.

આ કથા પારાયણના વક્તાપદે સ્વામી શુકદેવ સ્વરૂપદાસજી તથા સ્વામી બ્રહ્મમુનિદાસજીએ “સત્સંગી જીવન” અંગેનું સુંદર સમજણ વક્તાએ આપેલ.

કથાના સાતમા દિવસે ૨૪ ગામના સત્સંગીઓ હાજર રહેલ. સભા મંડપ ભરાઈ ગયેલ. નૈરોબીના મંદિરની સ્થાપનાને આજે ૫૯ વર્ષ થયેલ છે. સ્થાપના દિવસે જે સત્સંગીઓ હાજર રહેલ તેવા વડીલ શ્રી નારણ બાપા આજની કથાની પૂર્ણાહૂતિ પ્રસંગે જણાવેલ કે તેઓએ આજ ૫૯ વર્ષ પહેલા કેવા સંજોગોમાં કેટલી મુશ્કેલી વચ્ચે મંદિર બનાવેલ તે અંગેના સ્મરણો જણાવેલ. અને હાલે વિશાળ જગ્યામાં નવું મંદિર બની રહ્યું છે તે પણ જણાવેલ. હાલે નૈરોબીમાં છ હજાર સત્સંગીઓ ભાઈ-બહેનો રહે છે. દર રવિવારે અચુક મંદિરમાં દર્શને આવે છે તેમ જણાવેલ. આ પ્રસંગે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. પાર્ષદ કોઠારી જાદવજી ભગત તથા પુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતો ઉદ્‌બોધનો આપ્યાં હતા.

અંતમાં સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીએ આવેલ સૌ ભક્તોને આશીર્વાદ આપેલ.

સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળેલ હતું.

## શરદપૂનમ - રાસોત્સવ

શરદપૂનમ નિમિત્તે આપણા મંદિરના પ્રાંગણમાં પરંપરાગત રીતે રાસોત્સવનું આયોજન કરાયું હતું. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ ઠાકોરજીની આરતી ભાવપૂર્વક ઉતારી હતી. મંદિરના વડીલ સંતો, ટ્રસ્ટીઓ અને વિશાળ સંખ્યામાં હરિભક્તો આનંદસહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. શરદપૂનમની શીતળ ચાંદનીમાં ઓરકેસ્ટ્રાના સથવારે હરિભક્તોએ રાસની રમઝટ બોલાવી હતી. હરિભક્તોની સાથે બ્રહ્મનિષ્ઠ સંતો પણ જોડાયા હતા અને સૌના ઉમંગમાં ઉત્સાહની અભિવૃધ્ધિ થઈ હતી. રાસની રમઝટ બાદ દૂધપૌંઆનો પ્રસાદ લઈ સૌએ ધન્યતા અનુભવી હતી.

# સત્સંગ સમાચાર

## સત્સંગ પ્રવાસ -કોડકી

તા. ૨૨-૯-૧૩ રવિવારના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોડકી દ્વારા (કરોડિયા) ભીમનાથ મહાદેવના રમણીય સ્થળે એક દિવસીય સત્સંગ પ્રવાસ રાખવામાં આવેલ. જેમાં ગામના ૧૨૫ યુવાનો સાથે ભુજ મંદિરના સંતો જોડાયા હતા. સવારે ૧૦:૦૦ વાગ્યે પ્રવાસ સ્થળે પહોંચી ત્યાં મહાદેવના દર્શન કરી કુદરતની નિરાળી સૃષ્ટિની સૌ કોઈ યુવાનોએ મજા માણી હતી. બપોરે ભગવાનનો પવિત્ર પ્રસાદ લઈ આરામ કરી સત્સંગ સભાનું આયોજન કરેલ. જેમાં પાર્ષદ ખીમજી ભગતે સત્સંગનો લ્હાવો આપ્યો હતો. ત્યારબાદ પ્રશ્નોત્તરી ગેમ સ્પર્ધા પણ રાખેલ. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ યુવાનોને સત્સંગમાં જીવન ઘડતર વિશે સુંદર બોધ આપ્યો હતો. અંતમાં પુરાણી સ્વામી પરમહંસદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. આ પ્રવાસ યુવાનોના આર્થિક સહયોગ તેમજ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યો હતો.

લી. યુવક મંડળના સભ્યશ્રી નારાણ રવજી હાલાઈ - કોડકી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનો સરસ્વતી સન્માન કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો

ભુજ તા. ૧૭ આપણી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયનો વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ ભુજ મંદિરના મહંત પૂ. સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીની અધ્યક્ષતામાં ઉમંગભેર યોજાયો હતો. આ પ્રસંગે પૂ. સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત, પૂ. સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી, સંસ્થાના સંચાલક શાસ્ત્રી સ્વામી પૂ. હરિવલ્લભદાસજી, પૂ. ભક્તિનંદનદાસજી, પૂ. અક્ષરમુક્ત દાસજી વગેરે સંતો ઉપસ્થિત રહેલ. મંદિરના પૂર્વ કોઠારી શ્રી પ્રેમજીભાઈ, વર્તમાન ઉપકોઠારી શ્રી અર્જુનભાઈ, ટ્રસ્ટીશ્રી શશીકાંતભાઈ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી જનકભાઈ, સહમંત્રી શ્રી લાલજીભાઈ આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં દીપ-પ્રાગટ્ય મહંત સ્વામી, સંતો, કેળવણી મંડળના હોદ્દેદારો, વિદ્યાર્થીભવનના હોદ્દેદારોએ કરેલ. ત્યારબાદ પ્રાર્થના અને સ્વાગતગીત બાદ પુષ્પોથી સૌનું સ્વાગત કરવામાં આવેલ. પુષ્પગુચ્છથી સ્વાગત બાદ આવકાર આપતાં કે મંડળના મંત્રીથી વિનોદભાઈ શિયાણીને સમગ્ર ગુજરાતના બોર્ડના પરિણામોની સરખામણીએ આવેલ આ સંસ્થાના પરિણામો અંગે ખુશી વ્યક્ત કરી હતી અને સૌને આવકાર્યા હતા.

પ્રસંગ પરિચય આપતાં શાળાના આચાર્યશ્રી એમ.એ. સુથારે ફળદાયી મહેનત કરી જીવનને ઉન્નત બનાવવા શીખ આપી હતી. તથા શાળાને થતાં ૫૦ વર્ષની સુવર્ણ જયંતિની ઉજવણીની વાત કરી હતી.

અતિથિ વિશેષ પદેથી આ જ શાળાના શિક્ષક અને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઈ છાંગાએ સંસ્થા પ્રત્યેનું ઋણ સ્વીકારતાં તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. ત્યારપછી ઈનામ વિતરણનો પ્રથમ દોર શરૂ થયો હતો. જેમાં ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ઉપસ્થિત સંતોના હસ્તે સફળ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. જ્યારે બીજા દોરમાં સંસ્થાના હોદ્દેદારો તથા અગ્રણિઓ સર્વથી વિદ્યાર્થીભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, મંત્રી શ્રી કરસનભાઈ, ઉપપ્રમુખ અને જિ.પં. કારોબારી ચેરમેન અરવિંદ પિંડોરીયા, સંસ્થાના પૂર્વપ્રમુખ કરસનભાઈ ઝીણા, વિશ્રામભાઈ રાબડીયા, જાણીતા એડવોકેટ અને ટ્રસ્ટીશ્રી કે.કે.હીરાણી દ્વારા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં મંદિરનાં ટ્રસ્ટીશ્રી મુળજીભાઈ શિયાણીએ સંસ્થાની સ્થાપનાની વાત કરતાં મંદિરની શિક્ષણની જ્યોત જલતી રાખવા અનુરોધ કર્યો હતો.

શાસ્ત્રી સ્વામી પૂ. હરિવલ્લભદાસજીએ સંતોની લાગણી દર્શાવતાં શિક્ષણનું મહત્ત્વ સદ્રષ્ટાંત સમજાવેલ.

પૂ. પાર્ષદ જાદવજી ભગતે ભાવવાહી શૈલીમાં ભણતરની સાથે ગણતરની આવશ્યકતા દર્શાવી હતી. તેમજ મંદિરનો સહયોગ હંમેશા રહેશે જ તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

પ્રાસંગિક પ્રવચન આપતાં શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતાએ સંતોએ જોયેલાં સપનાને સાકાર કરવા સૌને શ્રમ કરી સંસ્થાને ઉચ્ચ શિખરે પહોંચાડવા અપીલ કરી હતી. જીવનમાં શિક્ષણની સાથે નૈતિક મૂલ્યોનો પણ વિકાસ થાય એમ કહેતાં તેઓએ પૂ. સહજાનંદ સ્વામીના ઉપદેશને જીવનમાં વણી લેવા અનુરોધ કર્યો હતો.

સમારોહના અંતભાગમાં નાદુરસ્ત હોવા છતાં પધારેલા ભુજ મંદિરના મહંત પૂ. ધર્મનંદનદાસજીએ શિક્ષણ માટે આ મંદિર હંમેશા સંકલ્પબધ્ધ રહેલ છે અને રહેશે. તેમ જણાવી આ સદકાર્ય માટે હરિભક્તોના સહયોગનો ઉલ્લેખ કર્યો હતો. શાળાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં તેની સુવર્ણજયંતિ અતિભવ્ય રીતે કરવામાં આવશે એવી જાહેરાત કરતાં તાળીઓના ગણગણાટ વાતાવરણને ઉત્સાહથી ભરી દીધું હતું. આ ઉજવણી અંગે વિચાર-વિમર્શ ચાલી રહ્યો હોવાનું પણ તેઓએ જણાવ્યું હતું.

સતત બે કલાક ચાલેલા આ કાર્યક્રમની ઉદ્ઘોષણા શિક્ષક હિતેશ વ્યાસે કરેલ જ્યારે આભાર દર્શન વિજ્ઞાન પ્રવાહ વિભાગના આચાર્યશ્રી નિષદ મહેતાએ કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકોએ જહેમત ઉઠાવેલ.

અહેવાલ :- આચાર્યશ્રી


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય (વિજ્ઞાન પ્રવાહ) ની અદ્યતન કોમ્પ્યુટર લેબનું ઉદ્‌ઘાટન

તા.૧૭-૧૦-૨૦૧૩, ગુરૂવારે સવારે ૯:૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય (વિજ્ઞાન પ્રવાહ) ભુજ મધ્યે નવનિર્મિત અદ્યતન કોમ્પ્યુટર લેબનું શુભ ઉદ્‌ઘાટન શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પ.પૂ. બ્ર.નિ. સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી, પ.પૂ.સ.ગુ. સ્વામીશ્રી પ્રેમપ્રકાશદાસજી, પ.પૂ. પાર્ષદ શ્રી જાદવજી ભગત આદિ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહંત સ્વામીશ્રી પુરાણી ધર્મનંદનદાસજી તથા સર્વે સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા તથા શાળાની પ્રગતિ જોઈ ખૂબજ આનંદ વ્યક્ત કર્યો હતો. વિજ્ઞાન પ્રવાહના છેલ્લા પાંચ વર્ષના પરિણામો બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય (વિજ્ઞાન પ્રવાહ) ખાતે અદ્યતન કોમ્પ્યુટર લેબ બનાવવમાં આવી છે. જેમાં પ્રત્યેક વિદ્યાર્થી વ્યક્તિગત રીતે કોમ્પ્યુટરનું પ્રેક્ટીકલ જ્ઞાન મેળવી શકે છે. કોમ્પ્યુટર લેબમાં ફર્નિચરની વ્યવસ્થા તથા ત્રીસ જેટલા કોમ્પ્યુટર આધુનિક પધ્ધતિના મુકવામા આવ્યા છે. જે ઈન્ટરનેશનલ સ્કૂલની કક્ષાના છે. કોમ્પ્યુટર લેબના કોમ્પ્યુટર્સ બ્રોડબેન્ડ ઈન્ટરનેટની સુવિધાથી જોડવામાં આવ્યા છે. કોમ્પ્યુટર લેબના ઈન્સ્ટોલેશન કાર્યમાં શ્રી સહજાનંદ કોમ્પ્યુટર્સ વાળા મનજીભાઈનો સહયોગ મળ્યો છે.

આ કોમ્પ્યુટર લેબના નિર્માણ માટે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજનો સહયોગ મળ્યો છે. ઉપરાંત શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના સંચાલક પ.પૂ. સ્વામીશ્રી હરિવલ્લભદાસજીની પ્રેરણાથી આઠ કોમ્પ્યુટર્સ, પ.પૂ. સ્વામીશ્રી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી પાંચ કોમ્પ્યુટર્સ, શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ટ્રસ્ટીઓ શ્રી કે.કે.હીરાણી, શ્રી જગદીશભાઈ વાઘાણી, શ્રી દિનેશભાઈ પિંડોરીયા દરેક તરફથી એક-એક કોમ્પ્યુટર્સનું અનુદાન આપવામાં આવેલ છે. બાકીના કોમ્પ્યુટર્સ પ,પૂ. મહંત સ્વામીશ્રી પુરાણી ધર્મનંદનદાસજી તથા પાર્ષદ પ.પૂ. જાદવજી ભગતની પ્રેરણાથી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ પ્રસંગે ભુજ સ્વામિનારાયણ મંદિરના વરિષ્ઠ સંતો, ટ્રસ્ટીઓ સર્વશ્રી મુળજીભાઈ શિયાણી, શ્રી પ્રેમજીભાઈ રાઘવાણી, શ્રી અરજણભાઈ દબાસીયા, શ્રી શશીકાંત ભાઈ ઠક્કર, સ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, સહમંત્રીશ્રી લાલજીભાઈ રાબડીયા, ટ્રસ્ટીઓ શ્રી કે.કે.હીરાણી, દિનેશભાઈ પિંડોરીયા, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુડીયા, મંત્રી શ્રી કરસનભાઈ હાલાઈ, ઉપપ્રમુખશ્રી અરવિંદભાઈ પિંડોરીયા, ટ્રસ્ટીઓશ્રી નારાણભાઈ ગોરસિયા, લાલજીભાઈ રૂપાલીયા, કેળવણી મંડળના ભૂ.પૂ. પ્રમુખશ્રી કરશનભાઈ જેસાણી, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરના પ્રમુખશ્રી વિશ્રામભાઈ દબાસીયા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ત્રિકમભાઈ બી. છાંગા, શાળાના આચાર્યશ્રી એમ.એ.સુથાર, વિજ્ઞાન વિભાગના આચાર્યશ્રી નિષદભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

## સરદાર પટેલ નગર, ભુજ મંદિર પાટોત્સવ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે અને પ.પૂ. સ.ગુ. મહંત સ્વામીશ્રી પુરાણી ધર્મનંદનદાસજી તેમજ અન્ય સંતોના આશીર્વાદથી સરદાર પટેલ નગર ભુજના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર સાલની જેમ ચાલુ સાલે પણ શુક્રવાર તા.૧૮-૧૦-૧૩ને શરદપૂનમના રોજે પાટોત્સવ ઉજવવામાં પ.પૂ. સ.ગુ. સ્વામી હરિબળદાસજી તથા પુ. સ્વામી નારાયણમુનિદાસજી આદિ સંત મંડળ પધારીને ઠાકોરજી તેમજ અન્નકૂટની આરતી ઉતારી હતી. સર્વે બહેનોએ ખાસ મહેનત કરીને ભવ્ય અન્નકૂટ બનાવીને ઠાકોરજીને ધરાવેલ હતો. અને રાત્રે શરદપૂનમની રાત્રીનો રાસ રમીને સર્વે હરિભક્તોએ પ્રસાદ રૂપી સમૂહ ભોજન લઈ આ ઉત્સવની સમાપ્તિ કરી હતી.

અહેવાલ :- લાલજી વાલજી હીરાણી

## પ્રસાદી મંદિરમાં પંચાહ્ન પારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી અ.નિ. મહંત સા.યોગી લીરબાઈ ફઈની પૂર્ણસ્મૃતિમાં તા. ૬-૧૦-૧૩ થી ૧૦-૧૦-૧૩ સુધી ભુજ પ્રસાદી મંદિરમાં શ્રી હરિબળગીતા પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

સા.યો. મહંત વાલબાઈ ભચુ તથા સર્વે સા.યો. શિષ્ય મંડળ સાથે મળીને આયોજન કરેલ પ્રસાદી મંદિરના મહંત સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ મંડળના સંતો પધાર્યા હતા. વક્તા પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી અને વિદ્યાર્થી સ્વામી ધર્મકિશોરદાસજીએ સરલ ભાષામાં કથાનું રસપાન કરાવ્યું હતું. સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજીએ સાથ આપ્યો હતો.

સભા સંચાલન સ્વામી મહાપુરુષદાસજીએ કર્યુ હતું. કોઠારી સ્વામી સંતજીવનદાસજીએ આયોજન સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિરની કમીટી, સર્વે ગ્રામજનો તથા મહિલા મંડળ તથા યુવક મંડળ તથા સર્વે હરિભક્તોનો સાથ સહકાર મળ્યો હતો.

લી. કોઠારી સ્વામી સંતજીવનદાસજી

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દશાબ્દી પર્વના ઉપલક્ષમાં ઉજ્વાયેલ ઉત્સવો

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા શ્રી નરનારાયણદેવની અસીમ કૃપા અને આશીર્વાદથી ચાલતું કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આજથી દસ વર્ષ પહેલાં અ.નિ. સદ્‌ગુરુ મહંત હરિસ્વરૂપદાસજી સ્વામી સ્થાપિત કરેલ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળને જ્યારે દસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે દશાબ્દી પર્વના ઉપલક્ષમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બળદિયા(નિચલોવાસ) દ્વારા તા. ૧૫-૧૦-૨૦૧૩ના સવારે ૧:૪૫ વાગ્યે બળદિયા(નિ.વા.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી ત્યાંથી નીકળ્યા. ભુજ મંદિરમાં ૫:૧૦ વાગ્યે પહોંચ્યા ત્યાં મંગળા આરતીના દર્શન કરી હમીરસરમાં સંતો સાથે સ્નાન કરેલ. ત્યાંથી પાછા ભુજમાં શણગાર આરતીના દર્શન કરી યાત્રા પૂર્ણ કરી હતી. આ પદયાત્રામાં ૩૫ યુવાનો જોડાયેલ હતા.

તા. ૧૮-૧૦-૨૦૧૩ના સવારે ૫:૪૫ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિરમાંથી પ્રભાતફેરીનો પ્રારંભ

થયો. ગામમાં ફરી ૬:૩૦ વાગ્યે પરત ફરી. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવાનો, વડીલો, બાળકો તથા કર્મયોગી બહેનો પધારેલ. છેલ્લે પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા.

તા.૧૮-૧૦-૨૦૧૩ના શરદપૂર્ણિમાનાં રાત્રે રાસોત્સવનું આયોજન કરેલ. જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનાં યુવાનાએ કીર્તન ગાયેલ. અને ત્યારબાદ આરતી, થાળ, ધૂન કરી છેલ્લે સૌને પ્રસાદ વહેંચી છૂટા થયા હતા.

અહેવાલ :- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ

અહેવાલ મંત્રી, વરસાણી જયંતી જે.

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ભાટ ગાંધીનગરમાં ઉજવાયો ભવ્ય ઉદ્‌ઘાટન એવં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પ્રાતઃસ્મરણીય સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ એવં આજ્ઞાથી તા. ૧૧-૧૦-૧૩ થી તા.૧૩-૧૦-૧૩ સુધી શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ગાંધીનગર(ભાટ)માં ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ તેમજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે ત્રિદિનાત્મક શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણનું આયોજન થયું હતું જેના વક્તા પદે પુ. સ્વામી નારાયણમુનિદાસજી તેમજ પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી રહ્યા હતા. પારાયણના મુખ્ય યજમાન પ.ભ. શ્રી દેવશીભાઈ વેલજી હાલાઈ પરિવાર ગામ સુરજપર વાળા રહ્યા હતા. તા. ૧૧-૧૦-૧૩ના પ્રાતઃસમયે સ્થાપન પૂજન બાદ પોથીયાત્રા બાદ વડીલ સંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વાસુદેવાનંદ વર્ણી વિરચિત સત્સંગિ ભુષણનો ચોથા અંશમાં રહેલા દિવ્ય લીલા ચરિત્રોનું ગાન વક્તા મહોદયે સંગીતના સથવારે કર્યુ રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિલેપાર્લે યુવતી મંડળ(મુંબઈ) દ્વારા મહેલા મંચનું આયોજન સા.યો. બહેનોના માર્ગદર્શન મુજબ થયું ત્યારબાદ સંતો અને ભક્તોનો સહિયારો રાસોત્સવ યોજાયેલ. દ્વિતીય દિન પ્રભાતમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધારેલ તેમને આશીર્વચનમાં કહ્યું કે ભુજ મંદિર હંમેશા સેવાકીય કાર્યમાં તત્પર રહ્યું છે. હરિભક્તોની સુખ સુવિધા માટે ભુજ મંદિરના સંતો હંમેશા જાગૃત રહે છે. સંકુલના નિર્માણ કાર્યને પાર પાડનાર સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીના કાર્યને બિરદાવતા કહ્યું કે અમને જ્યારે પણ એકાદ દિવસ આરામ કરવો હશે તો અમે વગર કહ્યે આવી જઈશું. ત્યાર રાત્રીય કાર્યક્રમમાં હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયાએ લોકોને પેટ પકડીને હસાવ્યા. તા. ૧૩-૧૦-૧૩ના રવિવારે પ.પૂ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની શોભાયાત્રા યોજાઈ હતી. કચ્છ ચોવીસીના ભક્તો તેમજ મંડળીવાળા ભક્તોએ આ પ્રસંગે પધારીને પ્રસંગને વધુ શોભાવ્યો હતો. ત્યારબાદ જ્યોતિષજ્ઞ સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તેમજ ભુજ મંદિરના ગોર ગુલાબશંકર મહારાજના માર્ગદર્શન હેઠળ વિષ્ણુયાગનો પ્રારંભ થયો હતો. મહંત સ્વામીની ઉપસ્થિત્માં ભૂદેવો દ્વારા વેદોક્ત મંત્રોચાર સાથે પ.પૂ. મહારાજશ્રી દ્વારા મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ પ્રસંગે દેશવિદેશના હરિભક્તો તેમજ મુંબઈના હરિભક્તો સાથે ભુજ મંદિરનું સમગ્ર ટ્રસ્ટી મંડળ પણ પધાર્યુ હતું. પૂ. મહારાજશ્રી અને મહંત સ્વામી આદિ સંતોના સાંનિધ્યામાં પ્રાર્થના મંદિરના

ઉદ્‌ઘાટનનો ઊંચો આંક આપી પ.ભ. શ્રી નારણભાઈ મનજી કેરાઈ(બળદિયા) તેમના દ્વારા મંદિરના દ્વાર ખુલ્લા મુકવામાં આવ્યા હતા. તેમજ બીજી ઊછવણીનો ઊંચો આંક એટલે કે વિશ્રાંતિ ભુવનના મુખ્ય દ્વારનું ઉદ્‌ઘાટન ગામ સામત્રાના પ.ભ. શ્રી ગોપાલભાઈ કાનજી વરસાણી તેમજ ગામ નેત્રાના ગોપાલભાઈ સાંખલા આ બંને પરિવારે લીધો હતો. આજ રોજ વિજયા દશમીના પ.પૂ. મહારાજશ્રીનો ૪૧મો જન્મોત્સવ હોવાથી સ્વયંસેવકો ૪૧ ફૂટનો પ્રસાદીનો હાર મહારાજશ્રીને પહેરાવ્યો હતો. મહંત સ્વામીએ પોતાના આશીર્વચનમાં સંકુલના નિર્માતા એવા સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી તેમજ પુ. સ્વામી ઘનશ્યામવિહારીદાસજીની સેવાને પ્રશંનીય ગણી તેમને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. અને કહ્યું આટલી મોટી ઉંમરે પણ આવા કાર્યો કરવામાં હંમેશા તત્પર એવા આ બંને સંતો અને અહીંના ટ્રસ્ટીઓએ મળી હરિભક્તોને માટે રાત-દિવસ ન જોતા પોતાના શરીર સામે ન જોતા ભવ્ય અને નવ્ય વિશાળ સંકુલ તૈયાર કરાવી આપ્યું. જાદવજી ભગતે પણ ભુજ મંદિર હેઠળ ચાલતા સેવાકીય અન્ય વિશ્રાંતિ ભુવનોનો આછો અહેવાલ આપી ભુજ મંદિરની વધતી શાખાઓને યોગ્ય ગણાવી. છેલ્લે મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં કહ્યું કે ભક્તિવલ્લભદાસજી સ્વામીએ મુંબઈમાં રહીને પણ વિશ્રાંતિ ભુવન બંધાવ્યું અને આજે પણ લોકો ત્યાં ખૂબ સારી રીતે લાભ લઈ રહ્યા છે. પરા વિસ્તારમાં રહેતા ભક્તો પણ સત્સંગ અર્થે આવે જાય છે. એમના કાર્યને જોતા મુંબઈ થી મોટી સંખ્યામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ હાજર રહી અને સેવાકીય કાર્ય કર્યુ છે. તેવી જ રીતે અહીં પણ અમદાવાદ એરપોર્ટ હવે ઈન્ટરનેશનલ દરરજે પહોંચ્યું છે ત્યારે આવા સંકુલોની ખાસ આવશ્યકતાને ધ્યાનમાં લઈ ભુજ મંદિરના વડીલ સંતો તેમજ ટ્રસ્ટીમંડળ દ્વારા અહીં જે વિશ્રાંતિ ભુવન બન્યું છે તેમાં ઘણાં બધાં ભક્તોને સુવિધા મળી શકશે.

છેલ્લે પૂ. મહારાજશ્રી અને મહંત સ્વામી આદિ સંતો દ્વારા પ્રાર્થના મંદિરમાં બિરાજમાન દેવોની આગળ મૂકાયેલ અન્નકૂટની આરતી અને યજ્ઞમાં નારિયેળ હોમી આ ઉત્સવની પૂર્ણાહુતિ કરી. આ પ્રસંગે ભુજ, અંજાર તેમજ માંડવી મંદિરેથી મળી કુલ ૬૫ જેટલા સતો તેમજ અમદાવાદ દેશના ૨૫ જેટલા સંતો પધાર્યા હતા. સમગ્ર કચ્છ ચોવિસીમાંથી ૧૧૫ની સંખ્યામાં સા.યો.બહેનો હાજર રહી આ પ્રસંગને માણ્યો હતો. ઉત્સવની આગવી તૈયારી માટે ગામ સેલારીથી સા.યો. રમીલાબાઈ તેમજ તેમનું મંડળ આવ્યું હતું. અને સંતો પણ આવ્યા હતા. આ સમગ્ર ઉત્સવનું લાઈવ ટેલીકાસ્ટ ભુજ મંદિરની વેબસાઈટ ઉપર આઈ સર્વે ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં સભાપતિ ે શા. સ્વામી ઉત્તમચરણદાસજી તેમજ સ્વામી આનંદવલ્લભદાસજી રહ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનની વિશેષતા તેમજ તેમાં અપાતી સગવડો**

આ સ્થળ અમદાવાદ ઈન્ટરનેશનલ અરપોર્ટ થી માત્ર ૩.૫ કિ.મી.ના અંતરે આવેલું છે. આ સંકુલમાં કુલ ૫ માળ વિશાળ બેઝમેન્ટ પાર્કીંગ સાથે છે. સંપૂર્ણ એ.સી.ડાયનિંગ હોલ છે. જેમાં એકી સાથે ૧૧૦ જેટલા હરિભક્તો ભોજન લઈ શકે છે. આ સંકુલમાં કુલ ૩ લિફ્ટનો પણ સમાવેશ છે. કુલ ૧૧૦ રૂમો છે. જેમાં એ.સી., નોન-એ.સી. ૧બેડ, ૨બેડ, ૩બેડ થી લઈ જમ્બો ફેમેલી રૂમની વ્યવસ્થા પણ છે. સ્ત્રીઓ અને પુરુષોને રહેવા અલગ અલગ જનરલ હોલ પણ છે. અહીં સંતો અને સાં.યો. બહેનોને રહેવા માટે પણ

અલગથી સુવિધા કરવામાં આવી છે. નિત્ય દર્શન માટે રમણીય ૧ પ્રાર્થના મંદિર પણ છે. આ સ્થળની બરાબર પાછળની સાઈડ નજીકમાં જ એપોલો હોસ્પિટલ તેમજ રાજસ્થાન હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ આવેલી છે. નજીકમાં જ ભવ્ય અને આલીશાન શોપિંગ સેન્ટર્સ મોલ પણ છે. જેમાં લોકોને તમામ પ્રકારની વસ્તુઓ ઉપલબ્ધ હશે. આ સ્થળ અમદાવાદ રેલ્વેસ્ટેશનથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલું છે. વિદેશથી આવતા અને જતા હરિભક્તો માટે એરપોર્ટ પીકપ અને ડ્રોપ કરવા માટે નાની એ.સી. ગાડી તેમજ એ.સી. બસની પણ વ્યવસ્થા કરેલી છે. કચ્છથી અમદાવાદ અને અમદાવાદથી કચ્છ તરફ જવા માટે પટેલ ટ્રાવેલ્સની લકઝરી સ્લીપીંગ બસની સેવા પણ ઉપલબ્ધ છે. જેની ટિકીટો પણ અહીંથી જ ઓનલાઈન બુકિંગ કરી આપવામાં આવે છે. આ બસ દરરોજ રાત્રે વિશ્રાંતિ ભુવનથી જ ઉપડે છે અને આવવા માટે પણ અંતિમ સ્ટોપ પણ અહીં જ છે. આ સંકુલમાં કુલ ૫૨,૦૦૦ સ્કવેર ફીટ બાંધકામ થયેલું છે. રાજકીય કાર્યો કરવા માટે ગાંધીનગર સચિવાલય અહીંથી માત્ર ૧૦ કિ.મી.ના અંતરે જ છે. અહીં આવેલ હરિભક્તો ને શોપિંગ કરવા માટે અથવા અન્ય કોઈ પર્યટક સ્થળે જવા માટે અથવા તો ગુજરાતના સુપ્રસિધ્ધ મંદિરોની યાત્રા કરવા માટે પણ ગાડીની સંપૂર્ણ સુવિધા મળશે. જેનો લાભ ભક્તો અવશ્ય લે એવી અમારી ભલામણ છે.

સંચાલકશ્રી :- સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી

## કુંભી રોપણ, અંજાર

અંજારને આંગણે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત. અંજાર નૂતન સ્વામિનારાયણ મંદિરમાં કુંભી રોપણ સમારોહ યોજાયો.

ઐતિહાસિક અંજાર શહેરમાં શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરનું વિશાળ ભૂમિ ઉપર નિર્માણ થઈ રહ્યું છે. કલાકૃતિ નકશીકામ અવિરત ચાલુ છે. છેલ્લા બે વર્ષ પહેલાં શિલાન્યાસ વિધિ સંપન્ન થયો. પાતાળ સુધી ઉંડા પાયા નખાયા. આજે તા. ૨૦-ઓક્ટોમ્બર-૨૦૧૩ના કુંભીરોપણ વિધિ નિજ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર મંડાણ થયા. ભુજ મંદિરના પ.પૂ.મહંત સ.ગુ. સ્વામી શ્રી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી,સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત, સ્વામી દેવકૃષ્ણદાસજી અને કુંભી રોપણના યજમાનશ્રી દેવરાજભાઈ કરસન વરસાણી નારાણપરના હાજર રહ્યા હતા. સંતો અને યજમાનશ્રીના વરદ હસ્તે કુંભી પૂજન રોપણ ભૂદેવના મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું. આ પ્રસંગે કથાનું આયોજન થયું હતું. વક્તાપદે શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજીએ મંદિર નિર્માણ અને આવશ્યકતા તેમજ ધાર્મિક દેવાલયની મહત્તાની વાતો કરી હતી. સમયોચિત પ્રવચનો પુ. સ્વામી શ્રીહરિદાસજી, પાર્ષદ જાદવજી ભગત, શા. સ્વામી નારાયણમુનિદાસજીએ આપ્યાં હતાં. છેલ્લે પૂ. મહંત સ્વામી આશીર્વચનોમાં આ મંદિર અંજારને આંગણે નમૂના અને જોવાલાયક દર્શનાર્થીઓનું આકર્ષણ બનશે. એવા વચનો કહ્યા હતા. સભાપતિ શા. કૃષ્ણવિહારીદાસજી સ્વામી રહ્યા હતા. આવેલ મહેમાનો, ટ્રસ્ટીઓ, બાંધકામ સમિતીના સંતો ભક્તોનું સન્માન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં સંતો ભક્તો, ભાઈ બહેનોએ હાજરી આપી હતી. પ્રસંગ વિરામમાં દરેકને પ્રસાદ વિતરણ કરવમાં આવ્યું હતું.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી અંજાર

## અંજાર

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પંચાહ્ન પારાયણનું આયોજન રાખવામાં આવ્યું હતું. કથાના યજમાન એક બહેન હરિભક્ત રહ્યાં હતાં. ગ્રંથ શ્રી ભુમાનંદમુનિ કૃત શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું. વકતાપદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સુંદર શૈલીમાં શ્રોતાઓને પ્રભાવિત કરતા કથા શ્રવણ કરાવ્યું હતું.

કથાની સમાપ્તિના દિવસે શરદપૂનમ હોવાથી મંદિરના પટાંગણમાં રાત્રે ઓરકેષ્ટ્રા સાથે ભવ્ય રાસોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. હરિકૃષ્ણ શ્રી ઘનશ્યામ મહારાજની આગળ રંગબેરંગી દિવડાઓ ઝળહળતા મૂકવામાં આવ્યા હતા. તેમજ મહાઆરતી કરવામાં આવી હતી. યુવાનો અને સંતોએ રાસોત્સવમાં રંગત જમાવી હતી. છેલ્લે દૂધપૌંઆનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. દૂધપૌંઆ પ્રસાદીના યજમાન તરીકે માંડવીના સાં.યો. રામબાઈ તથા મેઘબાઈએ સેવા આપી હતી. ઠાકોરજીના વાઘા (શણગાર) તેઓ તરફથી હતા.

અહેવાલ :- શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી અંજાર

**ચાલો ભુજ** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો ભુજ**

### શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ–સંચાલિત
### કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત

# દશાબ્દી શિબિર – 2013

સંવત-૨૦૭૦ તા.૮-૧૧-૨૦૧૩ થી ૧૨-૧૧-૨૦૧૩ કાર્તક સુદ ૬થી૧૦ શ્રી નરનારાયણદેવના દરબારમાં કચ્છ સત્સંગના સમગ્ર શ્રી નરનારાયણદેવના યુવાનો માટે આજથી દશ વર્ષ પહેલાં સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી દ્વારા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના વિદેશમાં કરવામાં આવેલી. તેને આજે દશ વર્ષ પૂર્ણ થતાં ભુજમાં પંચદિનાત્મક દશાબ્દી શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

સ.ગુ.પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજીભગત આદિ વડીલ સંતોના આશીર્વાદથી સમગ્ર દેશ અને વિદેશમાં વસતાં હજારો યુવાનો ૧૫ થી ૫૫ વર્ષ સુધીનાં આ શિબિરમાં જોડાશે. અને સંતોના સાનિધ્યમાં રહી જીવનમાં સત્સંગનું બળ ભરશે.

બપોર પછીના સત્રમાં દરરોજ બધાજ બહેનો પુરુષો ભાગ લઈ શકેશે. તો અને પાંચમાં દિવસે બપોર પછી સમગ્ર યુવતી મંડળની બહેનો સાં.યો. બહેનોના સાનિધ્યમાં જોડાઈ સત્સંગનો લાભ લેશે. તો આ ઉત્સવને ધ્યાનમાં રાખી તમારાં કાર્યો આઘા પાછા કરી શિબિરનો સંપૂર્ણ લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

અહેવાલ :- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાર્યાલય - ભુજ

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફનો ૩૧મો પાટોત્સવ

તા. ૯-૯-૧૩ થી તા. ૧૫-૯-૧૩ સુધીના સાત દિવસ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફના મંદિરમાં બિરાજતા ઠાકોરજીનો ૩૧મો વાર્ષિક પાટોત્સવ તથા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવેલ હતો. આ પ્રસંગે શ્રીમદ્ સ્કંદપુરાણના વિષ્ણુખંડ મધ્યે શ્રી વાસુદેવ મહાત્મ્યના સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. અમદાવાદથી પધારેલ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા ભુજ મંદિરના કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા ભુજથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં આ ઉત્સવ ઉજવવામાં આવેલ હતો. પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી તથા પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી તથા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ વ્યાસપીઠ પર બિરાજી વાસુદેવ મહાત્મયનું કથામૃત પાન કરાવેલ હતું. પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ આ ઉત્સવનું સભા સંચાલન કરેલ હતું. વ્યાસપીઠના પાછળના ભાગમાં મંચ ઉપર દૈત્યો તથા દાનવો વાસુકી નાગને નેતરૂ બનાવી, મંદ્રાંચલ પર્વતને રવૈયો બનાવી અને સમુદ્ર મંછન કરી રહ્યા છે. એવું એક દષ્ય બનાવવામાં આવેલ હતું. વાસુદેવ મહાત્મયમાં આવતી સમુદ્ર મંથનની કથાનો પ્રત્યક્ષ અનુભવ થતો હોય એવું એ દશ્ય હતું.

ગામ સુખપર(રોહા)ના પ.ભ. નારણભાઈ લાલજી હીરાણી તથા ધ.પ. કસ્તુરબેન તથા સુપુત્ર બિપીનભાઈ તથા ધ.પ. વિણાબેન તથા સુપુત્ર લકેશ તથા સુપુત્રી લીનાબેન તથા જમાઈ શમીર હાલાઈ તથા પૌત્રીઓ કિઆના તથા શ્રેયા આદિ કુટુંબ પરિવાર આ પાટોત્સવના યજમાન પદે રહીને ઉત્તમ સેવાનો લાભ લીધો હતો. અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પાર્ષદ જાદવજી ભગત તથા સૌ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

પારાયણના સાતે દિવસે સાંજના સમયે વિધવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. રાસકીર્તન, દાંડીયારાસ, બહેનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, કીર્તન ભક્તિ તેમજ યુવક મંડળ વતીથી હાસ્યની ભરપૂર રૂપકની રજૂઆત કરવામાં આવેલ હતી.

ભાદરવા સુદ ૯ ને શનિવારે મૂળ પાટોત્સવનો દિવસ હતો. સવારની મંગળા આરતી બાદ યજમાનોએ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનું પૂજન કરી અને સૌ સંતો તથા પાર્ષદ જાદવજી ભગત વતીથી પંચામૃતથી દિવ્ય અભિષેક કરવામાં આવેલ હતો. અને ત્યારબાદ ઠાકોરજી આગળ અન્નકૂટ ધરવામાં આવેલ હતો. સિંહાસનના શિખરો પર ધ્વજારોપણ કરીને પાટોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ સાંજના સમયે સૌ હરિભક્તોને પ્રસાદરૂપ ભોજન પીરસવામાં આવેલ હતું. પારા swaminarayansatsang.com swaminarayansatsang.com યણની પૂર્ણાહુતિના દિવસે યજમાનોને મંદિર વતીથી પહેરામણી આપવામાં આવેલ હતી. અને સંતોએ તથા પાર્ષદ જાદવજી ભગતે કાર્ડિફના તમામ હરિભક્તોને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. બપોરના પ્રસાદરૂપ ભોજનનો લાભ લઈ અને આ ઉત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ હતી.

લી. રત્ના મુરજી હીરાણી - મંત્રી

# શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેન્મોર મધ્યે સપ્તાહ પારાયણ

સોમવાર તા.૨૩-૦૯-૨૦૧૩ થી રવિવાર તા.૨૯-૦૯-૨૦૧૩ સુધી ૭ દિવસની સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ. આ શુભ અવસરે કથા પારાયણ રૂપી સપ્તાહ જ્ઞાન યજ્ઞના યજમાન સર્વે બહેનોએ કુટુંબ પરિવાર સહિત પ્રભુ પ્રસન્નતાર્થે તથા તેમના સૌના આત્યંતિક કલ્યાણ અર્થે સહભાગી થયા હતા. આ પ્રસંગે શ્રી ભુમાનંદ મુનિ રચિત શ્રી ઘનશ્યામ લીલામૃતસાગર સપ્તાહ પારાયણ ગાવાનું નિર્ધાર્યું. જેના વક્તાપદે ભુજ મંદિરથી પધારેલા પુ.સ્વામી ભક્તવત્સલદાસજી આદિ વિદ્વાન સંતોએ વ્યાસાસને બિરાજીને સંગીતના સૂર સાથે કથાનું અમૃતપાન કરાવ્યું. આ સપ્તાહ પારાયણ મહોત્સવની શરૂઆત રવિવાર તા.૨૨-૦૩-૧૩ના સાંજના ૬:૩૦ વાગ્યે પોથીયાત્રાથી કરવામાં આવી જે આપણા મંદિરના પાછળના ચોગનમાંથી યજમાનો દ્વારા પૂજન કરી આરતી ઉતારી અને વાજીંત્રો સાથે હરિકૃષ્ણ મહારાજને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે મંદિરમાં લાવી અને વ્યાસપીઠ ઉપર પધરાવામાં આવ્યા. કથા પારાયણનો શુભ પ્રારંભ સોમવાર તા.૨૩-૦૯-૧૩ના સવારના ૯:૦૦ વાગ્યે કરવામાં આવ્યો. જેનું ભુજ મંદિરની વેબ સાઈટ www.bhujmandir.org તથા શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરની વેબ સાઈટ www.swaminarayansatsang.com ઉપર સાતે સાત દિવસ લાઈવ બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું.

શનિવાર તા.૨૮-૦૯-૧૩ના સાંજના કથા બાદ ઠાકરથાળી ઉત્સવનો રાસ રમવામાં આવ્યો હતો.

રવિવારના સવારના ૧૧:૦૦ વાગ્યે ઉત્થાપન વિધિ કરી કથા સમાપ્તિની સાથે મળી આરતી ઉતારી પ્રસાદરૂપી ભોજન લેવા સર્વે પધાર્યા હતા. રવિવારની સાંજની સભા બાદ નૈરોબી વેસ્ટગેટ સોપિંગ સેન્ટરમાં જે આતંકવાદી દ્વારા થયેલ ઉપદ્રવની ઘટનામાં જે લોકો મૃત્યુ પામ્યા તેમના આત્માની શાંતિ માટે તથા તેમના કુટુંબીજનોને આ ઘટનાથી જે દુઃખ તથા હાનિ થઈ તેની શાંતિ માટે તથા જે લોકો ઘાયલ થયા છે તેઓ જલદી સાજા થાય તે માટે અહીં શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરમાં શોકસભા યોજવામાં આવી હતી. આની શરૂઆત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન દ્વારા કરવામાં આવેલ. આ ધૂન બોલાતી હતી તે દરમ્યાન ભુજના સંતો તથા સર્વે હરિભક્તોએ વારા ફરતી ભગવાનની સન્મુખ દીપ પ્રગટાવ્યા હતા. ત્યારબાદ ડો.સ્વામી સત્યપ્રસાદદાસજીએ મૃત્યુ પામેલ આત્માઓ માટે શ્રદ્ધાંજલી આપતા પ્રવચન આપ્યું હતું. છેલ્લે શ્રી શતાનંદમુનિનિ રચિત જનમંગલ સ્તોત્ર બોલતા દરેક ભકતજનોએ પુષ્પ અર્પણ કર્યા હતાં જે શ્રી ઘનશ્યામ મહારાજના ચરણોમાં સંતો દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતાં. જય શ્રી સ્વામિનારાયણ,

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હીરાણી

## સ્ટેન્મોર મંદિરમાં સેવા દિવસની ઉજવણી

જય શ્રી સ્વામિનારાયણ,

જય શ્રી સ્વામિનારાયણ ટેમ્પલ - ભક્તિનગર મેનર, સ્ટેનમોરમાં રવિવાર તા.૬-૧૦-૨૦૧૩ના રોજ "ઈન્ટરનેશનલ સેવા ડે" ઉજવવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦ થી વધારે નાના ત્રણ વર્ષના બાળકથી માંડીને વડીલ વોલેન્ટીયરોએ (સ્વયંસેવકોએ) ભાગ લઈ આપણી સત્તર એકરની જમીન ઉપર ૨૦ ઝાડની, સ્ટેનમોર કન્ટ્રી પાર્ક તથા One Shakti, Cutch Social & Cultural Society, Shrimad Rajchandra Mission Dharampur and Shaakha (Woolwich) અને બીજી પણ અન્ય લોકલ સંસ્થાઓ સાથે મળી એ "Be Tha Change" ૨૦૧૩ના સૂત્રથી સાથે મળીને વાવણી કરી હતી. આ ઉત્સવની શરૂઆત વહેલી સવારના આપણા મંદિરના મહારાજ દ્વારા ભગવાનનું પૂજન કરીને કરવામાં આવી હતી. આ દેશના અનેક નેતાઓ, સરકારી કર્મચારીઓ જેવા કે હેરો ઈસ્ટના એમ.પી.બોબ બ્લેકમેન, હેરો કંઝર્વેટીવ કાઉન્સીલર આસીસ્ટન્ટ લીડર મનજીભાઈ કારા, કાઉન્સીલર મરલીન અસ્ટાટન કાઉન્સીલર બેરી મકલાઉડ, હેરો રગબી કલ્બના એન્ડ્રુ સ્માર્ટ તથા લેબર કાઉન્સીલર કૃપેશભાઈ હીરાણી વગેરેએ ઝાડ રોપવાનો લાભ લીધો હતો. મોટા ઉદ્યોગપતિઓ તથા હરિભક્તોએ કુટુંબ સહિત ભાગ લીધો હતો. ઝાડ રોપણ તો કરવામાં આવ્યા પણ સાથે સાથે આપણી જે સત્તર એકરની જમીનમાં સર્વે જગ્યામાં નીંદ ગોદ તથા સફાઈ કરવામાં પણ આવી હતી. નાના બાળકોએ ચોગાનમાં પડેલો કચરો સાફ કર્યો, ઝાડને પાણી આપ્યું વગેરે સેવામાં ભાગ લીધો હતો. સૌના અંતરમાં સેવા કરવાનો આનંદ હતો. આ ઉત્સવમાં ભાગ લેનાર સર્વેનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે. અને આવોને આવો લાભ આવતા ઉત્સવોમાં અને બીજી સેવાઓમાં લેતા રહેશો. જય શ્રી સ્વામિનારાયણ.

અહેવાલ :- ઉ.મંત્રી જાદવજી હીરાણી

## જન્માષ્ટમી ઉત્સવ

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણા બોલ્ટન મંદિરમાં તા. ૨૮-૮-૨૦૧૩ને બુધવારના જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવમાં આવેલ. જન્મોત્સવની આરતીનો લાભ સૌથી ઉંચો આંક દહીંસરાના કાન્તાબેન નાનજી આસાણી સહપરિવારે લીધેલ. ત્યાર બાદ દર વરસની જેમ આરતી ગામ ફોટડી હાલે મોમ્બાસાના રહેવાસી કેશવલાલ પ્રેમજી ભુડીયા તરફથી બીજી આરતી ઉતારવામાં આવેલ. આ રીતે ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવમાં આવેલ.

અહેવાલ :- પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ

# સંતોનું શીલલ્સ સત્સંગ વિચરણ

મૂળ કચ્છના વતની ઘણા બધા હરિભક્તો ઈ.સ. ૧૯૭૨માં વ્યવસાય માટે શીસલ્સ આવ્યા હતા. તેમને સત્સંગ અને કથા-વાર્તાનો લાભ આપવા માટે સૌપ્રથમ ૧૯૮૨માં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી અ.નિ. સદ્. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, અ.નિ. સદ્. સ્વામી મોરલીમનોહરદાસજી, અ.નિ. સદ્. સ્વામી શ્રીરંગદાસજી સદ્. પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી પ.સદ્. સ્વામી નારાયણવલ્લભદાસજી - આ પાંચ સંતો શીસલ્સ પધાર્યા હતા. ત્યારથી માંડીને દર વર્ષે ૬ સંતોનું મંડળ શીસલ્સમાં રહેતા હરિભક્તોને સત્સંગ અને કથા-વાર્તાનો લાભ આપવા પધારે છે.

**સંતોનું આગમન :** આ મુજબ જ આ વર્ષે ભરતખંડના મહારાજાધિરાજ ભુજનગરનિવાસી ભગવાન શ્રી નરનારાયણદેવની સેવા કરતા સદ્. સ્વામી હરિજીવનદાસજીના મંડળના ૪ સંતો પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી વિવેકમુનિદાસજી તા. ૧૦-૦૯-૨૦૧૩, મંગળવારના બપોરે ૨:૦૦ વાગ્યે (માહે) શીસલ્સ પધાર્યા, સૌ ભક્તોને પુષ્પોના હારથી સંતોનું સ્વાગત કર્યું હતું.

**શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથા :** સંતો આવ્યા જાણી દૂર-દૂર રહેતા જુદા-જુદા કેમ્પમાંથી ૭૦૦થી પણ વધારે હરિભક્તો દરરોજ સાંજે ૭:૩૦ થી ૯:૩૦ સુધી મુખ્ય મંદિરમાં કથા-વાર્તાનો લાભ લેવા આવતા. તેમાં શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજીએ શ્રોતાજનોને કથારસમાં રસરૂપ કરતા.

કથા અંતર્ગત બીજા દિવસે અતિ ધામધૂમથી શ્રીકૃષ્ણ જન્મોત્સવ મનાવવામાં આવ્યો હતો અને મટુકી ફોડીને નંદમહોત્સવ મનાવ્યો હતો.

તા. ૧૭-૦૯-૨૦૧૩ની સાંજે ગોવર્ધન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ગોવર્ધન પર્વત બનાવી તેના પર શ્રીહરિકૃષ્ણ મહારાજને પધરાવીને દૂધ, દહિં, ઘી, મધ, સાકરથી ૪૦ જેટલા હરિભક્તોએ યજમાન બનીને સંતોની સાથે રહી ગોવર્ધનનાથનો મહાભિષેક કર્યો હતો. બહેનો ભક્તોએ પણ પોતાના હાથે શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક કરી જીવનને ધન્યવતું બનાવ્યું હતું.

તા.૧૯-૦૯-૨૦૧૩ના સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી અને પુરાણી સ્વામી દેવવિહારીદાસજી આ બે સંતો લંડન સત્સંગ પ્રવાસ કરીને શીસલ્સ પધાર્યા.તે દિવસ સાંજની કથામાં પુ. સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસાસને બિરાજીને ભગવાન શ્રીદ્વારકાધીશનાં રૂક્ષ્મણીદેવીની સાથે લગ્ન થયાં તે કથા સંભળાવીને ભક્તજનોને આનંદિત કર્યા.

**સત્સંગ વિચરણ :** શીસલ્સના નાના-નાના ટાપુઓમાં રહીને સત્સંગ કરતા ભક્તજનોને કથા-વાર્તાનો લાભ આપવા માટે ૧ દિવસ ફ્રેગાટ, ૨ દિવસ પ્રાલે, ૧ દિવસ લાડીગ, ૨ દિવસ દેરોસ વગેરે ટાપુઓમાં વિચરણ કરી હરિભક્તોને સત્સંગનો લાભ આપ્યો હતો. તેવી જ રીતે ૨ દિવસ વિજય કન્ટ્રકશન કંપનીમાં, ૨ દિવસ એલાઈડ કંપનીમાં, ૧ દિવસ આઈ.ડી.સી.માં, ૧ દિવસ સહજાનંદ બિલ્ડર્સમાં વગેરે નાની-મોટી બધી જ કંપનીઓમાં સંતોએ પધરામણી કરીને કથા-વાર્તાનો લાભ આપ્યો હતો.

**શિબિર :** તા. ૨૯-૦૯-૨૦૧૩, રવિવારના દિવસે શીસલ્સમાં એક દિવસીય શ્રી સ્વામિનારાયણ સત્સંગ સંવર્ધન શિબિર, શીસલ્સ-૨૦૧૩નું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ૮૦૦થી વધુ નાના-મોટા હરિભક્તોએ લાભ લીધો હતો. વહેલી સવારે સમૂહ મહાપૂજાનો કાર્યક્રમ હતો. તેમાં ભાઈઓ તથા બહેનો મળીને ૧૮૬ હરિભક્તોએ મહાપૂજાનો દિવ્ય લાભ લીધો હતો. મહાપૂજા પૂર્ણ થતાં જયનાદ કરી સંતો તથા

મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરીને શિબિરની શુભ શરુઆત કરાવી હતી. તેમાં પ્રથમ યુવાનોએ આવો કરીએ સ્વાગત અમે પ્રેમથી ભર્યા..... આ સ્વાગત ગીત પર નૃત્ય કરી આવેલા શિબિરાર્થીઓનું સ્વાગત કર્યું હતું. પછી પ.પૂ. સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ માંગલિક પ્રવચન આપતાં શિબિરનો હેતુ બતાવ્યો હતો. શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ પ્રોજેક્ટર પર પ્રાતઃપૂજા શા માટે અને કેવી રીતે....??? પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. પછી થોડી ક્ષણો માટે પુ. સ્વામી વિવેકમુનિદાસજીએ હાસ્ય દરબાર (સત્સંગના જોક્સ) કરી શિબિરાર્થીઓને હસાવ્યા હતા. ત્યારબાદ પુ. સ્વામી દેવવિહારીદાસજીએ નિયમ વિષય પર પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. રીશેષ રમત-ગમતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મેદાની રમત-ગમત પૂરી થતાં આવેલા શિબિરાર્થીઓએ ૬ ગ્રુપમાં વિભાજીત કરી દરેક ગ્રુપમાંથી એક-એક હરિભક્તને સ્ટેજ પર બોલાવીને કૌન બનેગા મહાજ્ઞાની... ??? (K.B.M.=સત્સંગ પ્રશ્નોત્તરી)ગેમ રમાડી હતી.

બપોર પછી ૨:૦૦ વાગ્યે કીર્તન-ભક્તિ બાદ નાના-નાના બાળકોએ નૃત્યની સાથે શ્રીહરિની પ્રાર્થના કરી દ્વિતીય સત્રનો શુભારંભ કરાવ્યો.

પ.પૂ. પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ પ્રોજેક્ટર પર આપણો સંપ્રદાય પ્રેઝેન્ટેશન રજુ કરી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના, ગુરુપરંપરા અને સિદ્ધાંતો પર પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ પ.પૂ. સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ વ્યસનમુક્તિ વિષે પ્રવચન આપી યુવાનોને જાગૃત કર્યા હતા. રમત-ગમતમાં વિજેતા થયેલા ખેલાડીઓને સંતોના વરદ્ હસ્તે પ્રમાણપત્રની સાથે ઈનામ અપાયાં અને દાતાશ્રીઓ તથા મહાનુભાવોનું પ્રમાણપત્રની સાથે સન્માન કરાયું હતું. શિબિરના અંતે પુ. સ્વામી પ્રભુવલ્લભદાસજીએ તથા પ.પૂ. સદ્. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ શિબિરનું આયોજન કરનારા સંતોને તથા યુવાનોને તેમજ શિબિરમાં આવેલા શિબિરાર્થીઓને આશીર્વાદ આપતા કહ્યું હતું કે આ શિબિરમાં સત્સંગ સંવર્ધનને ધ્યાનમાં રાખી કથા-વાર્તા, પ્રેઝન્ટેશન, પ્રવચન, કીર્તન ભક્તિ, યુવા ગુંજન, વ્યસન મુક્તિ, જ્ઞાન ગમ્મત, કૌન બનેગા મહાજ્ઞાની....??? જેવાં અનેકવિધ કાર્યક્રમોમાંથી આપ જે કંઈ પણ શીખ્યા છો તેને જીવનમાં ઉતારી તે પ્રમાણે જ વર્તવાના પ્રયાશો કરજો. આપણે આપણા મનનું ગમતું મૂકીને ભગવાન શ્રીહરિ અને તેમને વહાલા સંતોનું ગમતું કરીશું તો આલોકમાં મહા સુખીયા થશું અને અંતે શ્રીહરિના અક્ષરધામમાં જશું. અંતે સભાપતિ શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ જયનાદ કરી શિબિરને પૂર્ણ જાહેર કરી હતી.

**પર્વતારોહણ :** તા. ૦૬-૧૦-૨૦૧૩, રવિવારના દિવસે ૪૬ હરિભક્તોના સંઘને સાથે લઈ સંતો શીસલ્સના સૌથી ઉંચા (૬૦૦ મીટર) પર્વત પર સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા-કરતા પદયાત્રા કરીને ચઢ્યા હતા. શિખર પર સર્વમંગલસ્તોત્રનો ૧ પાઠ અને જનમંગલસ્તોત્રના ૧૨ પાઠ કરી શ્રી ઠાકોરજીના થાળ કરી, માનસીપૂજા બાદ સૌ ભક્તજનોએ પ્રસાદ લીધો હતો.

**વિદાય સભા :** તા.૦૯-૧૦-૨૦૧૩ની રાત્રી સભામાં સંતોને વિદાયના હાર પહેરાવ્યા હતા. આ વખતે ભુજ મંદિરેથી સંતોએ પધારીને એક મહિના સુધી રોકાઈ કથા-વાર્તા અને આવા આયોજનો કરીને ખૂબ જ સત્સંગનો લાભ આપ્યો છે,તે બદલ અમે સૌ શીસલ્સના હરિભક્તો ભુજ મંદિરના આભારી છીએ. અને આશા રાખીએ છીએ કે દર વર્ષે આનાથી પણ વિશેષ આયોજનો થાય.

**વિદાય :** તા.૧૦-૧૦-૨૦૧૩, ગુરુવારના બપોરે ૨:૪૦ વાગ્યે સંતો શીસલ્સ સત્સંગ પ્રવાસ પૂર્ણ કરીને કેન્યા જવા રવાના થયા હતા.

અહેવાલ :- મંત્રી વાલજીભાઈ કચ્છી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - શીસલ્સ



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

**લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી**

**શ્રીઘનશ્યામ ચરિત્ર :**

બાલ મિત્રો, જય સ્વામિનારાયણ,, શુભ દીવાલી, દીવાળીના ખુબ મજા આવી હશે, ફટાકડા ફડવાની, નવા કપડાં પહેરવાની,નૂતન વર્ષના દિવસે મિત્રને મળવાની એ દિવસતો ગયોને સંવત્૨૦૭૦ની સાલનો પ્રરંભ થયો તો આ નવા વર્ષના શુભ પ્રરંભમાં આપણે સાંભળીશું આપણા સૌના મિત્ર શ્રીઘનશ્યામમહારાજની વાર્તા.

એક સમયે દંદુ તરવાડી પોતાના પુત્ર મોતી તરવાડી પ્રત્યે કહ્યું જે,હે ભાઇ મોતી!તમો આ આંબલી ઉપર ચડીને જુઓને,મને કોઇ લશ્કર આવતું હોય તેવું જણાય છે.ત્યારે મોતી તરવાડી પોતાના પિતાનું વચન સાંભળીને વૃક્ષ ઉપર ચઢવા જાય છે,તેટલામાં તો તે આંબલી નીચે ચોતરા ઉપર પિતાની પાસે બેઠેલા ઘનશ્યામ પ્રભુ તે શબ્દ સાંભળીને ઉંચા વધવા લાગ્યા તે આંબલીથી પાંચ હાથ ઉંચા થઇ ગયા અને બોલ્યા જે,હે દાદા!આપણે સર્વે અહીંથી ચાલો ઉત્તર દિશા તરફ થી લશ્કર આવે છે.એમ કહીને પાછા આવીને ધર્મદેવની બાજુમાં બેસી ગયા.આ ચરિત્ર જોઇ સાંભળીને ધર્મદેવ તથા દંદુ તરવાડી આદિક પોતાના ઘરનો માલ સામાન તથા ગાયો,ભેંસો,બળદ આદિ પશુઓને લઇને ચાલ્યા તે ગામ નાગપુર જઇ પહોંચ્યા.તે સમયે ધર્મદેવને તૃષા ઘણી લાગી તેથી તે એક વડના વૃક્ષ નીચે બેઠા અને રામપ્રતાપભાઇને કહ્યું,હે ભાઇ! પાણી લાવો,તરસ ઘણી લાગી છે.રામપ્રતાપભાઇ બોલ્યા જે,જરા વિશ્રામ લઇને લઇ આવું છું.આવાં વચનો સાંભળીને ઘનશ્યામ પ્રભુ પોતાના મિત્રો વેણી,માધવ,પ્રયાગ આદિને સાથે લઇને કૂવા ઉપર ગયા.ત્યાં મોતી તરવાડી બોલ્યા જે,હે ઘનશ્યામ! દોરી કોના પાસે છે? ત્યારે ઘનશ્યામ બોલ્યા જે,દોરીનું શું કામ છે? એમ કહીને કૂવા ઉપર જઇ હાથ લાંબો કર્યો એટલે કૂવો ઉપર સુધી પાણીથી ભરાઇ ગયો.અને જળનો લોટો ભરી આવ્યા અને પિતાજીને પાણી આપ્યું.ધર્મદેવ જળપાન કરી શાંતિ પામ્યા અને બોલ્યા જે,હે ઘનશ્યામ! તમો દોરી નહોતા લઇ ગયા અને આ પાણી શી રીતે લાવ્યા? ત્યારે વેણીરામ બોલ્યાજે,હે ફુઆ! ઘનશ્યામે હાથ લાંબો કર્યો એટલે કૂવાનું પાણી ઉપર સુધી આવી ગયું અમે પાણી ભરી લીધું પછી કૂવાનું પાણી ઊંડું દેખાવા લાગ્યું.

એક સમયે છપૈયાપુરમાં નવાબ સરકારનું લશ્કર આવવાનું હતું તેની બીકે કરીને ધર્મદેવ ભક્તિમાતા પોતાના બે પુત્રોને સાથે લઇને તીનવા ગામમાં પ્રથિત પાંડેના ઘેર જઇને રહ્યા.તે સમયે પ્રથિત પાંડેના પત્ની વચનાબાઇએ ભક્તિમાતાને કહ્યું જે,હે છોટી બા! તમે પેલા કૂવામાં જળ ભરવા દિવસે જજો.પરંતુ વહેલા મોડાં જશો નહિ.કેમકે કૂવામાં ઘણાંક ભૂતો રહે છે.ત્યારે ભક્તિમાતાએ કહ્યું કે ઠીક. પરંતુ ભગવાનની ઈચ્છાએ કરીને ભક્તિમાતા તે વાતને ભૂલી ગયા અને એક દિવસ સાંયકાળે તે કૂવામાં પાણી

ભરવા ગયા.ત્યાં જઈને કૂવામાં ઘડો મૂક્યો તે ઘડો કૂવામાં રહેલા ભૂતોએ પકડી લીધો.એટલે તે સમયે વચનાબાઈએ કહેલી વાત સાંભળી આવી.તેથી તે તરત જ ત્યાંથી ઉતાવળે ઘેર આવ્યા.ત્યારે અંતર્યામી બાલપ્રભુએ પૂછ્યું જે,હે દીદી! તમારો ઘડો અને દોરડું ક્યા ગયા?ત્યારે માતા બોલ્યા જે,હે ભાઈ! કૂવામાં રહેલા ભૂતોએ તાણી લીધા.તે જાણીને બીજા દિવસે ઘનશ્યામ ત્યાં જઈને કૂવામાં ધૂબકો મારવાનો વિચાર કર્યો.એટલે ગામના માણસોએ કહ્યું જે,હે ઘનશ્યામ! તેમાં ભૂતો ઘણા રહે છે માટે રહેવા દ્યો.પણ ઘનશ્યામ પ્રભુ તો ભૂતોને મોક્ષ પમાડવા માટે આવ્યા છે. તરત જ કૂવામાં કૂદ્યા.ત્યાં તેમના તેજથી કૂવામાં રહેલા ભૂતો ત્રાસ પામ્યા અને બોલવા લાગ્યા હે પ્રભુ! અમે આ કૂવામાં ઘણા સમય થી રહીએ છીએ.ત્યારે ઘનશ્યામ પ્રભુએ પૂછ્યું તમે ક્યાં થકી આવીને અહિં ભેગા થયા છો? અને આવી નીચ યોનીને શા થકી પામ્યા છો? ત્યારે ભૂત યોનીને પામેલા એવા તે જીવ બોલ્યા જે,અમો સર્વે પૂર્વેના બ્રાહ્મણ,વૈરાગી અને મુસલમાન છીએ.એક વખત બાદશાહે પોતાના લશ્કર સાથે આ કૂવાની બાજુમાં પોતાનો મુકામ કર્યો.અને અમો સાધુ-બ્રાહ્મણો તે અયોધ્યાપુરીની યાત્રા કરવા જતાં હતા.તે આવીને આ કૂવા ઉપર મુકામ કર્યો.તે વખતે બાદશાહના ચાકરો મહા ઉન્મત થઈ ને અમો સાધુ-બ્રાહ્મણો આ કૂવા ઉપર સ્નાન કરતા હતા તે અમારી અવજ્ઞા કરીને મુસલમાન સર્વે આવીને છાંટા ઉડાડવા લાગ્યા.તેથી સામસામી લડાઈ થઈને તેમાં અમો બધા કપાઈ મૂઆ છીએ એટલે આ અસદ્ગતિને પામ્યા છીએ.હવે તમે જેમ આજ્ઞા કરો તેમ વર્તીએ.હે મહારાજ! તમો સાક્ષાત પુરુષોત્તમ નારાયણ પોતે છો અમારું સારૂં કરો.એમ કહી ને સ્તુતિ કરવા લાગ્યા.તેમની સ્તુતિ સાંભળી ઘનશ્યામ પ્રભુએ બધાને બદ્રિકાશ્રમ જવાની આજ્ઞા કરી.અને બધા જ ભૂતો મૂર્તિમંત કૂવામાંથી નીકળી ભગવાનને પગે લાગી બદ્રિકાશ્રમમાં ગયા.

# જ્ઞાનસરિતા

**-: જ્ઞાનમાળા:-**

૧. શ્રી સ્વામિનારાયણભગવાનનાં ચરણકમળના ચિહ્નો કેટલા છે?
(અ) ૧૬ (બ) ૧૭ (ક) ૨૨ (ડ) ૮

૨. છોડમાં કોને માતા કહેવામાં આવે છે?
(અ) તુલસી (બ) પીપળો
(ક) આંબલી (ડ) ચમેલી

૩. જલંધર નામના અસુરનો વધ કોણે કર્યો હતો?
(અ) હનુમાનજી (બ) વિષ્નુ
(ક) ઈન્દ્ર (ડ) શિવજી

૪. કુન્દન પર વિવાહ રચ્યો ભુમતી ભમકરાય આ કિર્તન કોણે બનાવ્યું છે?
(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
(ક) મુક્તાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. રુકમણીના પિતાનું નામ શું હતું?
(૧) શંતનું (૨) રુકમી
(૩) ભિષ્મ (૪)ભિષ્મક

૬. કયા ભક્તનાં લગ્ન શ્રીજીમહારાજે કરાવેલા હતા?
(અ) દાહાખાચર (બ) દાદાખાચર
(ક) ઝીણાભાઈ (ડ) પર્વતભાઈ

૭. કયા ગામમાં શ્રીજીમહારાજે સંતોને સવારમાં સ્નાન કર્યા પહેવા ખીચડી જમાડેલી હતી?
(અ) કરજીસણ (બ) બામણગામ
(ક) મહેસાણા (ડ) વિશનગર

૮. સા.યો.ધનબાઇ ફઇનો જન્મ કયા ગામમાં થયો હતો.?

(અ) બળદીયા (બ) રામપર

(ક) સુખપર (ડ) ધુફે

૯. કંઇ દિશા સન્મુખ બેસીને ભગવાનની પૂજા કરવી જોઇએ ?

(અ) પૂર્વ (બ) પશ્ચિમ

(ક) ઉત્તર (ડ) દક્ષિણ


૧૦. વિષ્ણુ ગયા તીર્થ કયા રાજ્યામાં આવે છે?

(અ) બિહાર (બ) ઝારખંડ

(ક) નેપાળ (ડ) ઉત્તર પ્રદેશ

### -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

વૃન્દાવન, દૂધપૈઆ, રાઘુનાથજી , મુક્તાનંદ સ્વામી, પંચાણા, કારીયાણી, દીવાળી, ધુફે, ૧૫, યમુના




### :: ઉખાણાં ::

માથે તાજ શોભતો, મેઘ દેખી એ નાચતો,
ગળું ફાડી એ બોલતો, જંગલની શોભા વધારતો ,,

એક નગરમાં ઘણાં ચોર, તે ચોરના મોં કાળા
પૂછ પકડી ઘસો તો, ઝટ થાય અજવાળા,

માથે આગ લેતી, ધીરે આંસુડા સારતી,
મીણથી હું બનીને, સૌને પ્રકાશ દેતી,

### -: શબ્દ રચના :-

નીચે આપેલા ખાનામાં આડાઅવળા અક્ષરો મુકેલા છે તે અક્ષરોને વ્યવસ્થિ ગોઠવી જે નામ છે તેને સામેના ખાનામાં લખો.

| | |
|---|---|
| નં હ દ જા સ | |
| મ દ દા અ વા | |
| ગો નં ળા દ પા | |
| ચ દા ર ખા દા | |
| ધુ મ દ સુ ન | |
| મ ઈ કુ બા ઝ | |
| લ ર પુ ત જે | |
| દ ખં અ નં ડા | |
| શ્ર કા દ્રિ મ બ | |
| ગી ન જો પ બ | |
| જ ર ઈ સુ બા | |
| ર ગા સા ગં ગ | |
| ચ ત ના વ મૃ | |

### સરનામું

નામ..........................................................................................................

ગામ ....................તાલુકો................ઉંમર......શાળા...........................................

ધો...............મો.ન...................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૫૧/- | મેઘજી કાનજી હીરાણી | માનકુવા ભક્તિનગર | મનીષ તેમજ નીતાને ત્યાં પુત્રી હર્ષિના જન્મ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૬૫૧/- | એક હરિભક્ત તરફથી | ભુજ | શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૭૨૦/- | દેવશી રત્ના વરસાણી | માનકુવા હાલે નૈરોબી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જયેશ લાલજી પ્રેમજી વરસાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ હસ્તે શાંતાબેન પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | એક હરિભક્ત તરફથી | ભક્તિનગર | સારા વરસાદની ખુશાલી નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જાદવા કેશરા ઠાકરાણી | બળદીયા | પુત્રી ક્રિષ્નાના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | દિનેશ સામજી હીરજી ગોરસીયા | સુખપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | માવજી લાલજી હીરાણી | કોડકી | નવી વાડી ખરીદી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ભવાનીશંકર હોતા | ધરમપુર ઓરિસ્સા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | મુકેશ વાલજીભાઈ વેલાણી | સુખપર | ચિ. ચંદન અને દિલનના જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | નરનારાયણદેવ કન્સ્ટ્રકશન<br>હ. મુકેશ દેવજી રવજી વરસાણી | કોડકી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે |
| ૧૧૧/- | મનોજ શિવજીભાઈ પિંડોરીયા | માધાપર હાલે નૈરોબી | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | નરેશ શિવજીભાઈ પિંડોરીયા | માધાપર હાલે નૈરોબી | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | શિવજીભાઈ ધનજીભાઈ માસ્તર | માધાપર | પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીનું ઓપરેશન સફળ થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | શિવજીભાઈ ધનજીભાઈ માસ્તર | માધાપર | શા. સ્વામી નારાયણમુનિદાસજી વિદેશયાત્રા સફળ રીતે પૂર્ણ કરી પરત ફરતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | સામબાઈ પ્રેમજી વાગડીઆ | નારાણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | અ.નિ. સા.યો. લીરબાઈ અરજણ | નારાણપર | પ્રસાદી મંદિરમાં કથા પારયણ નિમિત્તે શ્રી વેકરીયા ની.વાસ નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | રત્ના શિવજી વેલાણી | સુખપર | પુલ્હાશ્રમની યાત્રા સુખરૂપે પૂર્ણ કરી પરત આવતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૧/- | પ્રેમજી લાલજી ભુડીયા | સુખપર-રોહા | સરપંચપદે બિનહરીફ ચુંટાઈ આવતા શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |




પ્રસાદી મંદિર ભુજમાં સાં.યો. લીરબાઈની સ્મૃતિમાં પારાયણના વક્તાશ્રીઓ તથા આરતીનો લાભ લેતા ગામ નારાણપરના યજમાનશ્રીઓ




શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર નાઈરોબી તાબાના પલ્માં વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભુજ મંદિરમાં પારાયણ પ્રસંગે પધારેલ
૨૪ ગામના હરિભક્તો તથા શરદપૂર્ણિમાના દિવસે ઠાકોરજી આગળ દીવળાઓ પ્રગટાવી આરતી ઉતારતા પ.પૂ. મહંત સ્વામી ભુજ.




શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મંદિરમાં સપ્તાહ પારાયણના યજમાન શ્રી નારણભાઈ કરસન વેકરીયા પરિવાર તથા
વક્તાશ્રી ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી તથા બાજુમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોડકી સત્સંગ પ્રવાસ દરમ્યાન સભા




શ્રી સ્વામિનારાયણ મંદિર શિશલ્સમાં સંતો સાથે યુવાનો તથા ભાગવત કથા દરમ્યાન ગોવર્ધન ઉત્સવમાં ઠાકોરજીનો
અભિષેક કરતા પ.ભ. રવીભાઈ પ્રેમજી રાઘવાણી

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન ગાંધીનગર ભાટનું ભવ્ય ઉદ્‌ઘાટન



















